# આધ્યાત્મિક કેડી

તંત્રી : સંપાદક : કૈલાસબહેન એન. પરીખ




॥ પરમ તેજદાત્રી મા ગાયત્રી ॥

ૐ ભૂર્ભુવઃ સ્વઃ ૐ તત્સવિતુર્વરેણ્યં ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત્ ૐ ॥

વર્ષ ૬ ] જુલાઈ ૧૯૮૭ [ અંક ૩

Scanned by CamScanner

# શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ

## અમદાવાદ – ૧૬

[ રજી. નં. ૩૩૬૧ ]

ગાયત્રી ઉપાસક પૂજ્ય શ્રી શાસ્ત્રીજીએ ( નરેન્દ્રભાઈ બી. દવે ) માર્ચ ૧૯૭૫થી મા ગાયત્રીના આદેશથી લોકસેવાનો અભિગમ સ્વીકાર્યો છે. આધિ–વ્યાધિ–ઉપાધિથી ત્રસ્ત વ્યક્તિઓને વ્યક્તિગત મુલાકાત આપી તેમના પ્રશ્નો સુલઝાવવાનો પ્રયત્ન તેઓ વિના મૂલ્યે કરી રહ્યા છે. અસાધ્ય બિમારીથી વ્યથિત વ્યક્તિઓને પૂજ્યશ્રી મા ગાયત્રીના આદેશ અને માર્ગદર્શન અનુસાર શક્તિપ્રદાનની સારવાર આપી રોગમુક્ત કરવાનો પ્રયાસ કરે છે. અભિમંત્રિત જીવનજળ માનવીનું જીવન બનાવે છે અને જીવન બચાવે છે.

ભારતમાં અને વિદેશોમાં પૂજ્યશ્રીની સેવાનો લાભ વિશાળ જનસમુદાયે લીધો છે અને લઈ રહ્યા છે. યંત્રયુગમાં જીવતાં માનવીને આધ્યાત્મિક શરણનો સીધો, સરળ રાહ બતાવી માનસિક શાંતિનો અનુભવ કરાવે છે.

પૂજ્યશ્રીના આ અનોખા અને વિરલ કાર્યયજ્ઞનો લાભ કોઈ પણ જ્ઞાતિ, જાતિ, ધર્મ કે સમ્પ્રદાયના વિશાળ જનસમુદાયને મળી શકે તેવા શુભ આશયથી પૂજ્યશ્રીની પ્રેરણા અને મા ગાયત્રીની કૃપાથી **શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ**ની સ્થાપના કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

**આ ટ્રસ્ટના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે છે :**

(૧) ગરીબ તથા જરૂરવાળા માણસોને દરેક પ્રકારે મદદ કરવી.
(૨) કોઈ પણ પ્રકારના શિક્ષણના ક્ષેત્રમાં મદદ કરવી.
(૩) આધ્યાત્મિક સારવાર–કેન્દ્ર સ્થાપી અસાધ્ય બિમારીમાંથી લોકોને રાહત અપાવવી.
(૪) કુદરતી આફતમાં સપડાયેલાઓને સહાયરૂપ થવું.
(૫) વિશ્વબંધુત્વની ભાવના કેળવી માનવજાતને દરેક વિષમ પરિસ્થિતિમાં સહાયરૂપ થવું.

અમારા આ નમ્ર પ્રયાસને આપ વધાવી લેશો અને વેગવંતો બનાવશો તેવી નમ્ર વિનંતી.

આભાર સહ.


સરનામું :
કે. એન. પરીખ
મેકનનો બંગલો, સીવીલ હોસ્પીટલ કમ્પાઉન્ડ,
અસારવા, અમદાવાદ-૧૬. (ગુજરાત) (ઇન્ડિયા)
ફોન : ૩૭૯૦૯૭

કે. એન. પરીખ
મેનેજિંગ ટ્રસ્ટી
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ


Scanned by CamScanner

# આધ્યાત્મિક કેડી

વર્ષ ૬ ] • જુલાઈ : ૧૯૮૭ • [ અંક ૩ જો

આ ત્રૈમાસિક અંક
જાન્યુઆરી,
એપ્રિલ,
જુલાઈ
અને
ઑક્ટોબર
માસમાં
પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ
રૂપિયા દસ

પ્રકાશક :
શ્રી કૈલાસબહેન એન. પરીખ
શ્રી ગાયત્રી ફાઉન્ડેશન ટ્રસ્ટ,
મેટ્રન ક્વાર્ટર્સ,
ન્યુ સિવિલ હૉસ્પિટલ કમ્પાઉન્ડ,
અસારવા,
અમદાવાદ – ૩૮૦ ૦૧૬

મુદ્રક :
કાન્તિભાઈ મ. મિસ્ત્રી
આદિત્ય મુદ્રણાલય
રાયખડ,
અમદાવાદ – ૩૮૦ ૦૦૧

## અનુક્રમણિકા

| | | | |
|---|---|---|---|
| ૧. આત્મવિકાસ | શાસ્ત્રીજી | ... | ૩ |
| ૨. ભક્ત જગન્નાથદાસ | ... | ... | ૯ |
| ૩. દાન | ... | ... | ૧૨ |
| ૪. સ્વપ્નમાં ચેતવણી | ... | ... | ૧૫ |
| ૫. પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં... | ... | ... | ૧૭ |
| ૬. એ સ્વપ્નનો સંકેત શો હતો ! | ... | ... | ૨૩ |
| ૭. જ્ઞાનગોષ્ઠિ | ... | ... | ૨૬ |
| ૮. આત્મગુંજન : | ડૉ. કાન્તિલાલ કાલાણી | ... | ૨૯ |
| ૯. સમાચાર | ... | ... | ૩૨ |

Scanned by CamScanner



આધ્યાત્મિક કેડી

જુલાઈ : ૧૯૮૭

□

# આત્મવિકાસ

શાસ્ત્રીજી

આત્મવિકાસ એટલે આપણી જાતનો – વ્યક્તિનો અંદરનો વિકાસ – વ્યક્તિનો કે ઉપાસકનો આધ્યાત્મિક – આત્મિક વિકાસ. આપણી અંદરના બધા જ ઉધામાઓ-ઉત્પાતો શાંત થઈ જાય અથવા અજંપા-ઉધામા-ઉત્પાતોની સાથે પણ આપણે સમ્પૂર્ણપણે શ્રદ્ધા અને શરણાગતિથી ઉપાસનામાં લીન રહીએ તો એ ઉધામાઓ આપોઆપ જ શાંત થઈ જાય છે. આપણી સમસ્યાનો ઉકેલ આપણને અંદરથી જ મળ્યા કરે છે. એ સમસ્યાનો ઉકેલ કદાચ ન પણ મળે તો પણ, એની પડછે રહેલા સંકેતની લિપિ આપણને વાંચવા મળે, આવનાર સમસ્યાના-બનાવનાં એંધાણ પ્રાપ્ત થઈ જાય અને આપણે એ માટે સજાગ અને સાવધ થઈ જઈએ, આપણી આવેશી કે કે આવનાર સમસ્યા માટે આપણે નિઃસ્પૃહ-નિર્લેપ થઈ જઈએ. ભવાટવીમાં અટવાતો માનવી જયારે પોતાના જ સુખદુઃખ માટે નિઃસ્પૃહ-નિરપેક્ષ બની જાય ત્યારે આત્મવિકાસની કેડીએ પ્રયાણ થયેલું ગણાય.

## આત્મવિકાસનો અન્તરાય

મનુષ્ય કર્મનું બન્ધન લઈને જ જન્મે છે. એણે પોતે કરેલાં કર્મોનાં સારાં–માઠાં ફળો ભોગવવાં જ પડે છે. અસત્ કર્મોની છાયા હેઠળ માનવીનું જીવન અજંપો, વેદના, વ્યથા તેમ જ કોઈક ને કોઈક અભાવોથી ભરપૂર હોય છે. સત્–કર્મોની છાયા હેઠળ મનુષ્યનુ જીવન સુખ સમૃદ્ધિ–સંપત્તિથી સંપન્ન હોય છે. આમ માનવીનું જીવન સુખ-દુઃખ, અભાવો–સભરતા અને સમૃદ્ધિનું મિશ્રણ છે. દરેકના જીવનમાં કંઈક ને કંઈક સમસ્યા હોય જ છે. સમ્પૂર્ણ સમૃદ્ધ જીવનમાં એકાદ એવો નાનકડો અભાવ હોય છે, જે તેને સતત અજંપ કર્યા કરે છે, પણ આ બધું ઉપર કહ્યું તેમ કર્મજનિત હોય છે, એ ભોગવ્યે જ છૂટકો. એમાંથી મુક્ત થવા કે એની માત્રામાં–પ્રમાણમાં ઘટાડો કરવાનો એક માત્ર ઉપાય છે પરમ તત્ત્વની–માતાજીની શ્રદ્ધાપૂર્વક શરણાગતિથી ઉપાસના કરવાનો. આપણે શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારી ઉપાસના કરીએ તો છીએ, પણ આપણા કર્મજનિત પેલા અભાવની વ્યથા-વેદના શમતી નથી. આપણા અંદરના ઉધામા શાંત થતા નથી, તેથી આપણું ચિત્ત ઉપાસનામાં એકાગ્ર થવાને બદલે વ્યથા-વેદનાના વર્તુળની આસપાસ જ ફર્યા કરે છે. ઘણીવાર આપણે એથી ઉપાસના પ્રત્યે બેદરકાર રહીએ છીએ કે ઉપાસનામાંથી ચલિત પણ થઈ જઈએ છીએ. આ સ્થિતિ ઉચિત નથી.

આપણા જે કોઈ ભૌતિક અભાવો છે, સમસ્યાઓ છે, વેદના–વ્યથા છે તે આપણા આત્મ-વિકાસમાં અન્તરાયો–અવરોધો ઊભા કરે છે. તેને પાર કરીને અથવા એની વચ્ચે રહીને એ સામે



Scanned by CamScanner

ઝઝૂમવાનું છે. એ પ્રત્યે તટસ્થ બનીને, સમગ્ર બળથી, સમ્પૂર્ણ પ્રેમથી માતાજીની ઉપાસનામાં–આપણાં કાર્યોમાં–ફરજોમાં પરોવાયેલાં રહીએ ત્યારે અંદરની શક્તિને વિકાસ પામવાની તક મળે છે. અંદરની સુષુપ્ત શક્તિ જાગ્રત થાય છે. આપણા જ ઉધામાઓ–અશાંતિ, આપણાં ખમીર ને ખુમારીનો અભાવ આત્મવિકાસની આડે આવે છે.

## આત્મવિકાસનાં દ્વાર

આત્મવિકાસના ઉપલા–બાહ્ય સ્તરની આ વાત થઈ. હવે આપણે એને સૂક્ષ્મ આંતરિક સ્તર પર વિચારીએ. આત્મવિકાસ એ એક આંતરિક પ્રક્રિયા છે તે યાદ રહે. તે કેવી રીતે થાય છે તે આપણે જોઈએ ને સમજીએ.

આપણે જ્યારે આપણા ઇષ્ટની કે માતાજીની ઉપાસના આદરીએ છીએ ત્યારે આપણે બીજું કશું ખાસ કરવાનું નથી, પણ આપણને અનુકૂળ પડે તેવો દૈનિક ઉપાસનાનો ક્રમ અપનાવવાનો છે. આ ક્રમને નિરપેક્ષતાથી નિરંતર ચાલુ રાખવાનો છે – શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક. આ હકીકત સૌને સુવિદિત છે જ, એટલે એની વિગતોમાં અહીં ન ઊતરીએ. પરંતુ દૈનિક ઉપાસનાના સાતત્યથી એક સમય એવો આવે છે કે આપણી સમસ્યાઓનું–વેદનાઓનું શૂળ નિર્મૂળ થઈ જાય છે. અર્થાત્ આપણને એનું દુઃખ નથી રહેતું. આપણે અંદરથી નિર્લેપ ને નિઃસ્પૃહ બની ઉપાસનમાં વધુ ને વધુ પ્રવૃત્ત રહેવાનો આપણને સંકલ્પ જાગે છે, એ દિશામાં આપણે પુરુષાર્થ કરીએ છીએ. ઉપાસનાના સ્તરની સફળતા–નિષ્ફળતાનો પણ આપણને વિચાર નથી આવતો એટલે કે ઉપાસના કરતાં કરતાં કોઈક સારા અનુભવો થાય કે ન થાય એ સાથે આપણને કશી લેવાદેવા રહેતી નથી ને રહેવી જોઈએ પણ નહિ. આપણું ધ્યેય તો કેવળ ઉપાસના કરવાનું જ છે, એ રીતે આપણે આગળ વધવાના જ છીએ એવો માનસિક અભિગમ અંદરથી જ ઉદ્‌ભવી રહે ને એ અભિગમ દ્વારા આપણે ઉપાસનામાં આગળ વધી માતાજી સુધી ગમે ત્યારે પહોંચીશું જ એવો આત્મવિશ્વાસ આપણામાં ઉદ્‌ભવી રહે છે અને ઉદ્‌ભવી રહેવો જોઈએ જ. આપણે કતારમાં તો ઊભાં જ છીએ, આપણે ઉપાસનાને અભિમુખ તો છીએ જ, માતાજીની છત્રછાયા હેઠળ છીએ જ એટલું આશ્વાસન તો ખરું જ, પણ એવી આત્મપ્રતીતિ પણ આપણે અંદરથી મેળવવી રહી. એ આત્મપ્રતીતિ અને આશ્વાસનમાંથી આપણે આત્માવકાસના કેડીએ આગળ વધી શકીશું. પરમ તત્ત્વ પ્રત્યે પ્રીતિ ને તેના અસ્તિત્વની પ્રતીતે આત્મવિકાસનાં દ્વાર ઉઘાડી આપે છે.

## આત્મવિકાસની ગતિ

આત્મવિકાસ અર્થે સૌ પ્રથમ તો પોતાના ઇષ્ટમાં–પરમતત્ત્વમાં માનવીને–ઉપાસકને સમ્પૂર્ણ શ્રદ્ધા હોવી જરૂરી છે. એની અનન્ય શરણાગતિ સ્વીકારવી અનિવાર્ય છે. ઈષ્ટની–પરમાત્માની સર્વ–શ્રેષ્ઠતા, સર્વ–સામર્થ્ય, સર્વ–વ્યાપકતા સ્વીકારી લેવાં આવશ્યક છે. પરમ તત્ત્વની શક્તિનો આશ્રય લેનાર કદી નિરાલંબ રહેતો નથી કે નિરાશ થતો નથી, તેથી વ્યક્તિનું કદી અકલ્યાણ કે અહિત થતું નથી એવો આત્મવિશ્વાસ તેનામાં જન્મવો ને દૃઢ થવો જોઈએ. આ આત્મવિશ્વાસ ઉદ્‌ભવીને દૃઢી–ભૂત થયા પછી ઉપાસકનું પ્રથમ ને પવિત્ર કર્તવ્ય આધ્યાત્મિક ક્ષેત્રે–ઉપાસના માર્ગે–આત્મવિકાસની કેડીએ ધીમે ધીમે પણ દૃઢ નિશ્ચય ને સંકલ્પથી આગળ વધવાનો પુરુષાર્થ આદરવાનો છે. ભૌતિક વૈભવ અને ઇન્દ્રિયજન્ય સુખ પ્રત્યે નિર્લેપતા–તટસ્થતા રાખવી જરૂરી છે. પોતાની મનોવૃત્તિઓને



Scanned by CamScanner

લૌકિક સુખોમાં રમખાણુ થવા દેવા કરતાં આપણી વૃત્તિ, પ્રવૃત્તિ ને વલણોને ઈશ્વરના ઐશ્વર્ય, ઈશ્વરીય વૈભવને અભિમુખ બનાવવાની છે. ભૌતિક ઉપભોગ ને વૈભવમાંથી સુખ મેળવવાની પ્રવૃત્તિ કરવા કરતાં ઈશ્વરના અલૌકિક ને ઝળહળ થતા દિવ્ય ને અલૌકિક વૈભવ પ્રત્યે આપણું ચિત્ત પરોવીશું, આપણું અસ્તિત્વ સમર્પિત કરીને એકાકાર કરી દઈશું તો શાશ્વત સુખ ને શાંતિ મળશે. એ સુખ ને શાંતિ ઉપાસકમાં અવનવાં શ્રદ્ધા ને વિશ્વાસ જન્માવે છે. એનામાં અદ્ભુત બળ-સામર્થ્ય ઉદ્ભવે છે. જે તેને પરમ લક્ષ્ય સુધી પહોંચાડે છે.

માનવીની ભૌતિકતામાંથી આધ્યાત્મિકતાના ઉદય સુધીની ગતિમાં માનવીનો આધ્યાત્મિક વિકાસ સધાય છે.

## આત્મિક ઉન્નતિનો માર્ગ

મનુષ્યની આત્મિક ઉન્નતિના બે માર્ગો છે : પ્રેય અને શ્રેય.

પ્રેય એટલે જે પ્રિય છે તે. શ્રેય એટલે જે શ્રેષ્ઠ છે તે.

જે પ્રિય છે તે શ્રેષ્ઠ નથી હોતું. જે શ્રેષ્ઠ છે તે પ્રિય નથી હોતું.

પ્રેયમાંથી શ્રેષ્ઠ તરફની ગતિ આત્મવિકાસની ગતિ દર્શાવે છે.

મનુષ્યના શ્રેયાર્થે આપણાં શાસ્ત્રોમાં અનેક સાધનોનો નિર્દેશ પ્રાપ્ત થાય છે. એમાં શ્રેષ્ઠ તરફ ગતિ કરવા, શ્રેષ્ઠને સિદ્ધ કરવા જપને મહત્ત્વ અપાયું છે. મનુષ્ય પોતાને રુચે ને યોગ્ય લાગે તે મન્ત્રનો અર્થપૂર્વક, લયબદ્ધ, નિયમિત ને નિરંતર જપ કરે તો તેના આત્મામાં અલૌકિક શક્તિનો સંચાર-આવિર્ભાવ થાય છે. આત્માની આ અલૌકિક શક્તિના આવિર્ભાવની-ખીલવણીની સમગ્ર પ્રક્રિયા આત્મવિકાસને નામે ઓળખાય છે. તેથી જ આત્મવિકાસ માટે જપને મહત્ત્વ અપાયું છે.

મનુષ્ય અનેક જન્મોના સંસ્કાર ને કર્મોની છાયા લઈને જન્મે છે. એ છાયાના સંતુલન માટે નામસ્મરણ કે જપ જરૂરી છે, કારણ નામસ્મરણ કે જપથી ઉપાસકમાં વિશિષ્ટ સાત્ત્વિક શક્તિ સંક્રાંત થાય છે. નામસ્મરણ કે જપ સરળ ને સુલભ હોવા છતાં મનુષ્ય તે પ્રત્યે દુર્લક્ષ સેવે છે. સાંસારિક ક્ષણિક સુખોમાં-માયામાં રચ્યાપચ્યા રહેતા માનવીને શાશ્વત ને અલૌકિક સુખ આપનારું પરમાત્માનું સ્મરણ સ્ફુરતું નથી અથવા એ તરફ બેકાળજી ને બેજવાબદારી દાખવે છે. એટલું જ નહિ, તે કેવળ ઉપાસનાની, ઈશ્વરની, ભક્તિની ચર્ચા-વિચારણા, વાદ-વિવાદમાં જ રમમાણ રહે છે. એ વિષયોમાં પોતાની જાણકારી દર્શાવ્યાથી સર્વસંપન્નતાના મિથ્યાભિમાનમાં રાચે છે. આ સ્થિતિ જરા પણ ઉચિત નથી એની ચર્ચા-વિચારણા કરવા કરતાં એના આચરણમાં રત રહીએ એ જ ઉચિત અને શ્રેષ્ઠ છે. પણ આ વાત આટલેથી જ અટકતી નથી. ઉપાસકે મન, વચન ને કર્મથી પવિત્ર રહેવાનું છે. સાવધાની ને સજાગતાથી જીવનપથ પર આગળ વધવાનું છે. વ્યક્તિને-ઉપાસકને પોતાના સન્માર્ગમાંથી, શ્રદ્ધામાંથી, વિશ્વાસમાંથી ચલિત કરવા, ઈશ્વરથી વિમુખ બનાવવા અનેક ભૌતિક ને આધ્યાત્મિક અન્તરાયો-પ્રલોભનો છદ્મવેશે (છૂપા વેશે) સામે આવી ઊભાં રહે છે ને મનુષ્યને પતનની ખીણમાં ધકેલી દે છે. આપણો જીવનપથ-ઈશ્વરનો માર્ગ બહુ જ અટપટો છે. એ માર્ગમાંના વળાંકો-અન્તરાયો તરફ ધ્યાન આપીને સાવચેતીપૂર્વક પાર ન કરીશું તો પતનની ઊંડી ખીણમાં ગબડી પડીશું. એ પતનમાંથી ઊગરવાની તકો ભાગ્યે જ બાકી રહે છે.



Scanned by CamScanner

## જન્મોજન્મ સેવા–અર્ચા

આપણા પર ઈશ્વરના અનેક ઉપકારો છે. એ ઉપકારનો બદલો આપણે વાળવો જ જોઈએ. એ બદલો વાળવા આપણું આપણું જીવન, આપણા અનેક જન્મો તેની જ સેવા–અર્ચામાં વિતાવવા જોઈએ એમ લાગે છે. એકવાર એ સંસ્કાર આપણામાં આત્મસાત્ કરી લઈએ પછી એનાથી વિમુખ થવાનો વિચાર જ નહીં આવે ને એ સંસ્કાર જન્મોજન્મ સાથે રહેશે.

## ઉત્તુંગ શિખર

આત્મિક પ્રગતિ અર્થે નિર્વિકલ્પ બનવાનું છે. આ નિર્વિકલ્પ એટલે જેના બધા જ સંકલ્પો–વિકલ્પો શમી ગયા છે, સ્થિર થઈ ગયા છે તે ભગવદ્‌ગીતામાં વર્ણવાયેલ સ્થિતપ્રજ્ઞ જેની પ્રજ્ઞા પરમ તત્ત્વમાં સ્થિર થઈ ગઈ છે, તેણે કોઈ જ સંકલ્પ કરવાનો રહેતો નથી. તેણે કોઈ વિકલ્પ વિચારવાનો રહેતો નથી. તે નિર્વિકલ્પ, તટસ્થ, નિર્લેપ નિરહંકારી બની જાય છે. તેને પ્રભુ પ્રત્યક્ષ હોય છે. પણ પ્રભુની પ્રત્યક્ષતાથી તે હાથ જોડીને બેસી રહેતો નથી. તે વધુ ને વધુ પરમ તત્ત્વમાં લીન થવાનો પ્રયત્ન કરે છે–કરવો જોઈએ. પ્રભુની પ્રત્યક્ષતા એ આત્મવિકાસની પરાકાષ્ઠા–ઉચ્ચાવસ્થા છે – ટોચની કક્ષા છે. આત્મિક પ્રગતિનું ઉત્તુંગ શિખર છે. એ ઉત્તુંગ શિખરે પહોંચેલા મનુષ્યે ધરતી પર નજર રાખવાની છે. માનવી ઉત્તુંગ શિખરે પહોંચીને જો નીચે નજર નાખશે તો તે સહેજ વાર તો કંપી જ ઊઠશે. તેના મનમાં સૌ પ્રથમ વિચાર તો એ જ આવશે કે આવવો જોઈએ કે આટલા ઊંચેથી જો ગબડયા તો? આ વિચાર તેને શિખરની ટોચ પર સ્થિર થવા પ્રેરે છે. એટલું જ નહિ, તેની નજર નીચે ઊભેલાં પોતાના સાથીઓ પર–માનવજાત પર પડશે. તે સર્વને પોતાની જેમ આમ ઉપર આવવા ઊંચેથી પ્રેરણા ને પ્રોત્સાહન દાખવશે. એ તેનું સેવાકાર્ય બની રહેશે.

## સંતુલન અને સંમાર્જન

આત્મવિકાસની પરાકાષ્ઠા રૂપ પ્રાપ્ત કરેલ આત્મસાક્ષાત્કારને જાળવી રાખવાનો છે. આત્માની ઉઘડેલી શક્તિઓનું સતત સંમાર્જન ન થતું રહે તો તે શક્તિ કરમાઈ જવાનો સંભવ પણ પૂરેપૂરો છે. આપણી પાસે એક સાધન હોય તો તેની જાળવણી માટે સતત ધ્યાન રાખવું પડે છે. આત્માની ખીલેલી શક્તિઓના સંમાર્જન માટે ઉપાસકે સતત પોતાની ઉપાસનાનો ક્રમ પૂર્વવત્–યથાવત્ નિયમિત ને નિરંતર રાખવો પડે છે. એથી આત્મવિકાસનું આત્મસાક્ષાત્કારનું સાતત્ય જળવાઈ રહે છે.

પણ સારા સંકલ્પોમાં આપણું ચિત્ત એકાગ્ર થતું નથી ને દુષ્ટ સંકલ્પો આપણા ચિત્તનો કબજો જમાવીને બેસી રહે છે તેથી જપ આવશ્યક છે.

પ્રેમભાવે ગમે ત્યારે ઈષ્ટનું–પ્રભુનું સ્મરણ–જપ થઈ શકે છે. નિત્ય જપ–સ્મરણ કરવાથી વિચારો સંયમી ને સાત્ત્વિક બને છે. સાત્ત્વિક ને સંયમી વિચારો મન, ચિત્ત ને સમગ્ર અસ્તિત્વ પર અલૌકિક ને અનોખો પ્રભાવ પાડે છે. આ પ્રભાવ અસ્તિત્વને નિર્મળ બનાવે છે.

અસ્તિત્વને નિર્મળ બનાવવાની સમસ્ત પ્રક્રિયા આત્મવિકાસને નામે ઓળખાય છે.

[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૮૭



Scanned by CamScanner

## ઉપાસકોને માર્ગદર્શન

આત્મવિકાસની આટલી ચર્ચા પરથી કોઈને પણ સહેજે પ્રશ્ન થાય કે આત્મવિકાસ કરવા માટે શું કરવું? વ્યક્તિનો–ઉપાસકનો આત્મવિકાસ થઈ રહ્યો છે એમ તેને ક્યારે ને કેવી રીતે સમજાય? વ્યક્તિ–ઉપાસકને આત્મવિકાસની પ્રતીતિ થવી જરૂરી છે? એ પ્રતીતિથી તેનામાં શું અહંકાર ન આવે?

## આરંભ અને એકાગ્રતા

આત્મવિકાસ સાધવા સૌ પ્રથમ શ્રદ્ધા અને શરણાગતિપૂર્વક માતાજી સાથે–ઈશ્વર સાથે બાળભાવ કેળવીને નિષ્કામભાવે ઉપાસનાનો આરંભ કરવો જોઈએ. એ આરંભની સાથે જ નિયમિતતા આવવી જોઈએ. નિયમિતતા સાથે એકાગ્રતા આવવી પણ અત્યંત જરૂરી છે. જેમ વૃક્ષ ઊગાડવા માટે બી રોપીને તેને વિકસાવવા સતત જળસિંચન વગેરે માવજત કરવામાં આવે છે, રોજિંદા ખોરાક ઉપરાંત પણ શરીરના પોષણ–સંવર્ધન માટે વિટામિનવાળો ખોરાક ખાઈએ છીએ. એ જ રીતે આત્માને ઉઘાડવાનો છે, ખીલવવાનો છે, ઉજ્જવળ બનાવવાનો છે. આત્મા ઉપરનાં અનેકવિધ આવરણો–પડળોને દૂર કરવા માટે કંઈક વિશેષ કરવાનું છે. ઉપાસનાનો આરંભ એ તો રોજિંદો ખોરાક છે. કેવળ બીનું વાવેતર છે. વિટામીનોથી ભરપૂર ખોરાકની જેમ આત્માના વિટામીન માટે, તેના સંવર્ધન–સંમાર્જન માટે નિયમિતતા ઉપરાંત સાતત્ય અને એકાગ્રતા આવશ્યક છે. આપણે ભોજન કરવા બેસીએ છીએ ત્યારે આપણું સમગ્ર ધ્યાન ભોજન ને તેના રસમાં જ હોય છે, તેમ આત્માના ભોજન માટે આપણું બધું જ ધ્યાન તેનામાં કેન્દ્રિત થવું જોઈએ. આ એકાગ્રતાથી સૌ પ્રથમ તો અંદર શાંતિ અને આનંદ પેદા થશે. આ શાંતિ અને આનન્દથી એક પ્રકારનાં સ્પંદનો, અલૌકિક ને આહ્લાદપૂર્ણ સ્પંદનો ઉદ્ભવવાં લાગે છે. અંદરથી મલિનતા દૂર થવા માંડે છે. આ પ્રકારનાં સ્પંદનોથી માનવીનું ચિત્ત ને સાથે સાથે સમસ્ત અસ્તિત્વ શુદ્ધ, સાત્ત્વિક ને પવિત્ર બને છે. આધ્યાત્મિક અને આત્મિક વિકાસ માટે અર્થપૂર્ણ ઉપાસના આવશ્યક છે.

## અસ્તિત્વની અનુભૂતિ

વ્યક્તિને–ઉપાસકને અંદરથી ઘણીવાર પ્રેરણા કે સંકેતો પ્રાપ્ત થયા કરે છે, જેનાથી તેના બધા જ ભૌતિક અને આધ્યાત્મિક વ્યવહારો સરળ બની જાય છે. ઉપાસક અંદરથી નિઃસ્પૃહ અને નિર્લેપ થવા માંડે છે. અંદરથી અવિરત જપ થયા કરે છે. ઈશ્વરની–માતાજીની તેને સતત સ્મૃતિ રહ્યા કરે છે. તેનું મન ઈશ્વરના જ વિચારો અને તેની કૃપાની તેના અસ્તિત્વની અનુભૂતિઓમાં રમ્યા કરે છે. કોઈ અનિષ્ટ વિચારો તેને આવતા જ નથી. કોઈનું અહિત કરવાનું તેને સૂઝતું નથી. તે અસહાયતા કે લાચારી અનુભવતો નથી. અસહાય કે લાચાર દશામાં પણ તેને ઈશ્વરની સહાયતાની, તેના સથવારાની તેને ધરપત–વિશ્વાસ રહે છે. એનો એને અનુભવ પણ થાય છે. જીવનપથના પ્રત્યેક પગલે તેનું રક્ષણ ને હિત થતું રહે છે.

## સાવધતા અને આત્મખોજની આવશ્યકતા

ઈશ્વરના સથવારાની અનુભૂતિઓની શૃંખલાઓ રણઝણી ઊઠતાં તેનામાં forgive and forgetની – ભૂલી જવાની અને ક્ષમા કરવાની–વૃત્તિ જાગે છે. તેનું હૃદય–મન–અંતર વિશાળતા સાધે છે. નિર્મળ



Scanned by CamScanner

બને છે. તે મન, વચન અને કર્મથી પવિત્ર રહેવા ષડ્રિપુઓથી સતત સજાગ ને સાવધ રહે છે. પોતાનું પતન કરવા ઉદ્ભવતા શત્રુઓની તેને જાણ થઈ જાય છે. તેનો અહમ્ ધીમે ધીમે નામશેષ થવા તત્પર થઈ ઊઠે છે. તે સાવધ અને સજાગ બન્યો હોવાથી તેનામાં નીરક્ષીર વિવેક–સારાસારનો–ઔચિત્ય–અનૌચિત્યનો ભેદ તે પામી જાણે છે. જ્યાં વ્યક્તિમાં–ઉપાસકમાં વિવેક જાગ્રત થયો ત્યાં પછી અહમ્ ટકી શકતો નથી. અહમ્‌ને નામશેષ કરવા માટે વ્યક્તિ પોતાની જાતનું સતત મૂલ્યાંકન કરતો રહે તે જરૂરી છે. પોતાની જાતનું મૂલ્યાંકન કરવાની પ્રક્રિયા આત્મખોજની પ્રક્રિયા છે. આત્મખોજ આરંભતાં આરંભતાં માનવી આત્મવિકાસને માર્ગે પ્રગતિ કરે છે.

## ક્રમશઃ ગતિ

આત્મવિકાસનું ઉત્તુંગ શિખર એ પરમ તત્ત્વનો – પરમાત્માનો સાક્ષાત્કાર છે. પણ દરેક વ્યક્તિ–દરેક ઉપાસક એ પ્રાપ્ત કરી શકતો નથી. પણ એ તરફની ગતિ તો હોવી જ જોઈએ. આત્મવિકાસના ઉત્તુંગ શિખર પર પહોંચવાનાં અનેક સોપાનો છે. આપણે ક્રમશઃ ધીમે ધીમે એ સોપાનો પાર કરતાં જઈએ તે ઉચિત અને આવકાર્ય છે.

□


શુભેચ્છા સહિત :

☎ ઘર : ૩૬૫૦૫
ફેક્ટરી : ૪૨૧૫૪

**ડૉ. જયંત વાડીલાલ ગીલીટવાલા**

**દરેક જાતનો જરી કસબ ગીલીટ કરનાર**

# ડૉકટર જયંત ફેબ્રીકસ

**હેવી ડ્રેસ મટીરીયલ્સ પોલીસ્ટર**

: ફેક્ટરી :
પ્લોટ નં. ૧૩/૧, ખરોદરા
ઉધનારોડ, સુરત

: રહેઠાણ :
૯/૫૬૮ કોટસફીલ રોડ,
સુરત-૧





Scanned by CamScanner

# ભક્ત જગન્નાથદાસ

[પ્રેમ અને ભાવનાનું ઊંડાણ હોય, આર્ત હૃદયે પ્રભુને પોકાર થતો હોય તો પ્રભુ અવશ્ય પ્રત્યક્ષ હાજર થાય જ છે ને ભક્તને દર્શન આપી, સાક્ષાત્કાર કરાવી કૃતાર્થ કરે છે.

તેમ છતાં જગતના કેટલાક લોકો તેનો દ્વેષ, ઈર્ષ્યા, નિન્દા, ટીકા કરવાનું, બદનામી કરવાનું છોડતા નથી. ભક્ત આ જાણતો હોવા છતાં પ્રભુની ભક્તિમાં તે લીન જ રહે છે. આખરે તેનું સત્ય, તેની ભક્તિને સાબિત કરવા ભગવાન સ્વયં સાક્ષાત્ આવે છે.

'આધ્યાત્મિક કેડી'નો આશય વાચકોને-ઉપાસકોને આધ્યાત્મિક-ઉપાસના ક્ષેત્રે પ્રેરણા અને બળ પ્રાપ્ત થાય એવી વાચન-સામગ્રી પીરસવાનો છે જેથી તે વાચક કે ઉપાસક પૂરી તાકાતથી આધ્યાત્મિક ક્ષેત્રે-ઉપાસના માર્ગે વળવા તત્પર બને. આવા વાચનમાંથી તેને માનસિક પીઠિકા પ્રાપ્ત થઈ શકે. —સં.]

ભક્ત જગન્નાથદાસ જાતે બ્રાહ્મણ હતા. જગન્નાથપુરીમાં એ નિવાસ કરતા હતા. વિદ્યા, વિનય અને સાધુસ્વભાવથી લોકો એમની સામે મીઠી નજરથી જોતાં. એમને જોતાં જ દુઃખની છાયા મુખ ઉપર જણાતી નહિ એમનું ચિત્ત હંમેશાં ચિંતામાં જ ડૂબેલું રહેતું. એ ચિંતા કોઈ સાંસારિક ભોગ-વસ્તુને માટે નહોતી પણ એ ચિંતા ભગવદ્-પ્રાપ્તિની હતી. ચોવીસે કલાક એ જ વિચારો એમના મનમાં ઘોળાયા કરતા અને વારંવાર ભગવાનને મનથી પ્રાર્થના કરતા : 'હે પ્રભુ, આ ભવસાગરથી પાર થવા માટે તું જ એક આધાર છે. જો તારી કૃપા નથી તો દુનિયામાં કોઈની કૃપા નથી. નાથ! હું તો દીન, હીન, શક્તિહીન, પામર પ્રાણી છું. મારામાં એ તાકાત નથી, કે મનને વિષયોથી હટાવી આપનાં ચરણોમાં જોડી શકું હું વિષયવિમોહિત છું. મોહના સાગરમાં ડૂબેલો છું દયામય! મારા જેવો એવો કોણ દીન હશે, કે જે પોતાની દીનતા પણ પ્રગટ કરવા અસમર્થ હોય? દીનબંધુના ચરણમાં 'હું દીન છું' એવું કહેતાં પણ હું અચકાઉં છું. અભિમાન જ સદાસર્વદા દીનતામાં બાધક છે. હવે મને કોઈ માર્ગ સૂઝતો નથી. કરુણાનિધિ! આ પતિત પ્રાણી પર દયા કરો, ભજન કરવાની મને શક્તિ આપો અને કોઈવાર ઇચ્છામાં આવે તો આપની મનોહર મૂર્તિની ઝાંખી કરાવી આ દાસને કૃતાર્થ કરો.'

ઘણો સમય વીતી ગયો. એક દિવસ રાત્રે એકાંતમાં જગન્નાથદાસ પથારીમાં પડ્યા પડ્યા મનથી પ્રાર્થના કરવા લાગ્યા: 'પ્રભુ! મારા ઉપર કૃપાનું એકાદ કિરણ ફેંકો. હું અધિકારી નથી એટલે મને ભક્તિ અને પ્રેમ ન આપો પણ આપનો મહિમા તો બતાવો કે જેથી હું વિશ્વાસપૂર્વક આપનું ભજન કરું! હે દયામય! હું તમારા શરણમાં છું. આપના સિવાય આ લોક કે પરલોકમાં મારું કોઈ નથી.' આ પ્રમાણે બોલતાં બોલતાં ધ્યાન કરતાં જગન્નાથદાસને ઊંઘ આવી ગઈ આજે દયામય પ્રભુનું હૃદય પીગળી ગયું ભગવાન બહુ જ કોમળ હૃદયના અને ભક્તવત્સલ છે. એક જ શબ્દથી એ દ્રવિત થઈ જાય છે. પણ એ એક જ શબ્દ હૃદયના ઊંડાણમાંથી નીકળેલો હોવો જોઈએ. આજે ભક્તની મનોકામના પૂર્ણ કરવા માટે શરણાગત જગન્નાથદાસની સામે આવી ભગવાન પ્રગટ થયા. મંદ મંદ હસીને પ્રભુ બોલ્યા: 'પ્યારા જગન્નાથ! તું શા માટે આટલો બધો ગભરાય છે? જેણે એક વખત પણ સાચા હૃદયથી મારો આશ્રય લીધો છે એને વળી ભય શાનો?

'આજે તારો ઉદ્ધાર થઈ ચૂક્યો, તું નિર્ભય બની ગયો. હવે તું મારું એક કામ કર. 'ભાગવત' એ ભવસાગરથી તરવાનું એક સુંદર સુદૃઢ નાવ છે મારામય બનીને જ વ્યાસજીએ એ ગ્રંથની રચના કરી છે. ભાગવત મારું સ્વરૂપ છે. એટલા માટે તું આપણી પ્રાકૃત ભાષામાં એ મહાપુરાણનો સમશ્લોકી અનુવાદ કર. તું એથી પવિત્ર થઈશ. જલદીથી આ કામ શરૂ કરી જગતને મંગળમય કર અને જાતે



Scanned by CamScanner

પણ મંગળમય બની જા.' આમ સ્વપ્નમાં ભગવાનની આજ્ઞા સાંભળીને જગન્નાથદાસ કહેવા લાગ્યા : 'પ્રભો ! હું તો મહામૂર્ખ છું. આપની આજ્ઞાનું પાલન હું કેવી રીતે કરી શકીશ ? અપાર મહિમાવાળા શ્રીમદ્ ભાગવત ગ્રંથનો અનુવાદ પ્રાકૃત ભાષામાં કરવો એ મારી શક્તિ બહારની વાત છે.' ભગવાને ઉત્તર આપ્યો : 'બેટા, ગભરાઈશ નહિ, મારી શક્તિથી શું નથી થઈ શકતું ? તું નિર્ભય ચિત્તથી ગ્રંથ-નિર્માણ માટે તૈયાર થઈ જા. હું તારા હૃદયકમળ પર બેસીને જે કંઈ કહું તે પ્રમાણે લખતો જા.' આટલું કહી ભગવાન અંતર્ધાન થઈ ગયા. જગન્નાથદાસની નિદ્રા તૂટી. તેઓ એકદમ પથારીમાં બેઠા થઈ ગયા. તેમના આનંદનો પાર નથી. તેઓ ભગવાનની આજ્ઞાનું પાલન કરવા તૈયાર થયા. પણ શું લખે ? બાહ્ય દૃષ્ટિ બંધ થઈ ગઈ. આંતર્દૃષ્ટિથી વિષ્ણુની તેજોમય મૂર્તિ દેખાઈ ઇન્દ્રિયોના દરવાજા બંધ થઈ ગયા અને કલમ ચાલવા લાગી. પાનાનાં પાનાં લખાઈ ગયાં. એ પ્રમાણે લખતાં થોડા જ સમયમાં સમ્પૂર્ણ ભાગવતનો પ્રાકૃત ભાષામાં રમણીય અનુવાદ થઈ ગયો. અત્યંત કઠિન શ્લોકો પર કોમળકાન્ત પદાવલિ રચાઈ ગઈ. તે પછી જગન્નાથદાસે પ્રભુની આજ્ઞાનુસાર કલ્યાણકારી ભાગવતનું ગાન શરૂ કર્યું.

જગન્નાથદાસ ભાગવતનું કીર્તન કરતાં કરતાં ઠેર ઠેર ઘૂમવા લાગ્યા. એમનું પ્રેમ અને માધુર્ય-ભર્યું ગાન સાંભળી સૌ મુગ્ધ થઈ જતાં. દરેક ઘરમાં જગન્નાથદાસનું ભાગવત–ગાન થવા લાગ્યું.

દુષ્ટોને ન તો હરિચર્ચા ગમે છે અથવા ન તો કોઈને સન્માન મળે એ એમનાથી સહન થાય છે. જગન્નાથદાસનો આદરસત્કાર આવા લોકોની દૃષ્ટિમાં ખૂંચવા લાગ્યો. તેમની નિંદા ચાલુ થઈ ગઈ. દુષ્ટોએ જગન્નાથદાસ માટે જાળ રચી. પુરીના રાજા પ્રતાપરુદ્ર પાસે ફરિયાદ કરી કે જગન્નાથદાસ નામનો પાખંડી બ્રાહ્મણ ભોળા નરનારીઓને ઠગે છે. જ્યાં ત્યાં એ નાચતો ફરે છે. સ્ત્રીઓના જૂથમાં જઈને બેસે છે. તેમનાં ધન–ધર્મનું હરણ કરે છે. રાજાને આ લોકોની વાતની ઢબથી વિશ્વાસ બેઠો. રાજાએ ગુપ્તચરોને તપાસ કરવાનું કામ સોંપ્યું. દુષ્ટોની મંડળી એમની સાથે લાલચ આપી ભળી ગઈ. નરનારીઓની વચમાં ભજન કરતા જગન્નાથદાસને દૂરથી બતાવ્યા. ગુપ્તચરોએ એ જોઈ આવીને રાજાને કહ્યું : 'મહારાજ ફરિયાદ સાચી છે.'

પ્રતાપરુદ્રે જગન્નાથદાસને પકડાવી મંગાવ્યા અને કહ્યું : 'જગન્નાથ ! તું સાધુ બનીને ફરે છે, પણ તારાં આચરણ દુષ્ટનાં જેવાં છે. તું રાતદિવસ શું કરે છે તે સાચેસાચું કહી દે, નહિ તો તારા જીવનના દિવસો પૂરા થઈ જશે.'

રાજાનાં ક્રોધભર્યાં વચનો સાંભળી જગન્નાથદાસે ક્ષણભર ભગવાનનું ધ્યાન ધરીને કહ્યું : 'દ્વેષીઓની વાત સાંભળીને, જાતે જોયા વગર, નિર્દોષ માણસને સતાવવા એ રાજાનું કર્તવ્ય નથી. હું ભગવાનનું ભજન કરું છું. જે કોઈ પ્રેમથી બોલાવે એમને ત્યાં જઈને હું ભાગવતનું ગાન કરું છું. ભગવાનની દયાથી હું બ્રહ્મચારી છું. હું પુરુષોને માટે પુરુષ અને સ્ત્રીઓને માટે સ્ત્રી જેવો છું. ભગવાનની દયાથી મારા મનમાં કોઈ દૂષિત ભાવ આજ દિન સુધી નથી જાગ્યો.' જ્યાં દ્વેષબુદ્ધિ હોય છે ત્યાં સીધી વાત પણ અવળી મનાય છે. રાજા પ્રતાપરુદ્રે જગન્નાથદાસને પહેલેથી જ દુષ્ટાચારી માની લીધા હતા. એમના બોલવાનો અર્થ અવળો માનીને રાજાએ દાંત પીસ્યા : 'મને લાગે છે કે તું મહાન દુષ્ટ છે, તું પુરુષો પાસે પુરુષ જેવો અને સ્ત્રીઓ પાસે સ્ત્રી જેવો બની જાય છે, એ વાત ગળે ઉતરે કેવી રીતે ? તારી એ સિદ્ધિ મારે જોવી પડશે. તારું સ્ત્રીરૂપ મને તારે દેખાડવું પડશે. જો તેમ ન બન્યું તો પછી તારા પ્રત્યે હું દયા નહિ બતાવી શકું.' કહી રાજાએ આવેશમાં સિપાહીઓને આજ્ઞા કરી : 'જાઓ, આ કપટી–દુરાચારીને હાથમાં હાથકડી પહેરાવી જેલખાનામાં પૂરી દો.'

જગન્નાથદાસનો કહેવાનો ભાવ જુદો હતો. એમનું કહેવું હતું કે સ્ત્રીઓની પાસે હું સ્ત્રીરૂપ રહું છું.



Scanned by CamScanner

પ્રેમી ભક્તો માટે સ્વર્ગ અને નરક, જેલ અને મહેલ સરખા છે. પોતાના સ્વામીની ઈચ્છાનુસાર દરેક જગાએ એ પ્રભુને સાથે જ માને છે અને આનન્દમાં મગ્ન રહે છે.

ભક્ત જગન્નાથદાસ કારાગારમાં પ્રભુનું ધ્યાન ધરવા લાગ્યા. ભગવાનની પ્રાર્થના કરવા લાગ્યા : 'પ્રભો! રાજાએ મારી વાતનો ઉલટો અર્થ કર્યો છે માટે એનો ઉલટો અર્થ સાચો પડવો જોઈએ. આપને ત્યાં સ્ત્રી–પુરુષનો કોઈ ભેદ નથી. જીવમાં ન તો સ્ત્રીત્વ કે ન તો પુરુષત્વ છે. એ તો આપની માયા છે. આ પુરુષ શરીરને સ્ત્રીશરીર બનાવવું એ આપને માટે ડાબા હાથનો ખેલ છે. એથી રાજાને વિશ્વાસ પડશે અને આપના ગુણગાનમાં સગવડ રહેશે. આપને હરકત ન હોય તો એવું કંઈક કરો.'

ભગવાને ભક્તનો પોકાર સાંભળી લીધો. ભગવાન સ્વયં સામે પ્રગટ થયા. જેલની કોટડી અસીમ તેજથી દેદીપ્યમાન બની ગઈ. ભગવાને હસતાં હસતાં પોતાનો કરકમલ જગન્નાથદાસના માથા ઉપર મૂક્યો : 'વત્સ! તારી એવી ઈચ્છા છે તો એમ થશે. મારું કામ જ ભક્તોના મનોરથ પૂર્ણ કરવાનું છે. તારું શરીર પુરુષશરીર ન રહેતાં સ્ત્રીશરીર બની ગયું છે. ફરી જ્યારે તું મૂળ શરીરની ઇચ્છા કરીશ ત્યારે એ પ્રમાણે બદલાઈ જશે.' એટલું કહી ભગવાન અંતર્ધાન થઈ ગયા. જગન્નાથદાસનું સ્વપ્ન તૂટયું. પરંતુ જ્યારે સ્વપ્નની ઘટના પ્રત્યક્ષ સત્ય દેખાઈ ત્યારે આશ્ચર્યનો પાર ન રહ્યો. તેઓ ગદ્દગદ્દ થઈ ગયા.

ભગવાનનું સ્મરણ, કીર્તન અને પ્રાર્થના કરતાં આખી રાત વીતી ગઈ. સિપાહીઓએ દરવાજા ખોલ્યા. જગન્નાથદાસ પુરુષવેશને બદલે સ્ત્રીવેશમાં બહાર નીકળ્યા! સિપાહીઓ તો જોઈને છક્ક થઈ ગયા. તેમની દશા જોઈ જગન્નાથદાસે કહ્યું : 'હું પોતે જ જગન્નાથદાસ છું. તમે જેને જેલમાં પૂર્યો હતો તે જ હું છું. પ્રભુની લીલા બહુ જ વિચિત્ર છે. એમની કૃપાના પરિણામે મને સ્ત્રીત્વ પ્રાપ્ત થયું છે. તમે મને રાજાની પાસે લઈ જાવ.' સિપાહીઓ ભક્તને રાજાની પાસે લઈ ગયા. રાજા તો આ ચિત્તાકર્ષક મૂર્તિ જોતાં આશ્ચર્યમાં ડૂબી ગયો કે, આ વાત સાચી હશે? કે પછી બદલીમાં કોઈ સ્ત્રીને મોકલી હશે! કોઈ ચાલાકી તો નહિ હોય?

રાજાએ કહ્યું : 'તારું સ્ત્રીરૂપ બરાબર છે એમાં મને સંદેહ નથી, પરંતુ તું જ જગન્નાથદાસ છે એની ખાતરી શી?'

રાજાની વાત સાંભળી જગન્નાથદાસે આંખો બંધ કરીને મનથી પ્રભુની પ્રાર્થના કરી. તરત જ સ્ત્રીરૂપ પલટાયું અને હાથમાં કરતાલ સાથે જગન્નાથદાસ કીર્તન કરવા લાગ્યા! રાજા ભક્તચરણમાં પડી માફી માગવા લાગ્યા : 'આપે મને જો માફી આપી હોય તો એના પ્રમાણરૂપે મને ભાગવત સંગીતનું ગાન સંભળાવવા કૃપા કરો, કે જેથી હું મારા મનને પવિત્ર કરું.'

ભક્ત તો સ્વભાવથી જ ક્ષમાશીલ અને શાંત હોય છે. રાજાને ભક્તે આશ્વાસન આપ્યું અને ભાગવત ગાન શરૂ કર્યું. રાજા તે સાંભળી મુગ્ધ બની ગયો. રાજાએ પ્રણામ કરી કહ્યું : 'પ્રભો! હું આપના શરણમાં છું. આપના શિષ્ય તરીકે મારો સ્વીકાર કરો.' ભક્તે રાજાને સ્વીકારી લીધો.

☐

☐ જયગુરુદેવ — જય ગાયત્રીમાતા ☐

☐

**રમેશભાઈ ડોકટર સીલ્ક મીલ્સ**

**ખટોદરા — સુરત — ટે. નં. ૪૨૧૫૪**

Scanned by CamScanner

# દાન

દાન એટલે આપવું તે. વહેંચવું તે. મનુષ્યની સંપત્તિને સમાજમાં લોકહિતાર્થે વહેંચી આપવામાં આવે ત્યારે તે દાન કહેવાય છે. પણ આ દાન નિરપેક્ષ અને અહમ્‌થી વેગળું હોવું જોઈએ. એમાં કીર્તિ કે પ્રતિષ્ઠાની કોઈ પણ પ્રકારની લાલચ ન હોય ત્યારે જ તે સાચા અર્થમાં દાન બની રહે છે. માનવતાનું કાર્ય બની રહે છે. એ કાર્યમાં માનવતા ભળે છે.

દાન એ માનવતાનો મહિમા કરનાર છે. એ મહિમાને જે જાણે છે તે જ દાન કરવા તત્પર બને છે ને દાન કરી શકે છે.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં કહ્યું છે: દાનં સંવિભાગ : સરખા વિભાગ કરીને આપવામાં આવેલાને દાન કહે છે. દાનનું વિભાજન સરખી રીતે થવું જોઈએ કે દાનની વહેંચણી સમાન રીતે થવી જોઈએ. અસમાન દાનની વહેંચણી યોગ્ય નથી. પણ આ સરખા ભાગે દાન વહેંચવું એટલે શું? શાસ્ત્રોના નિર્દેશ અનુસાર વ્યક્તિની ભૌતિક, શારીરિક, માનસિક ક્ષમતાનો અમુક નિશ્ચિત ભાગ પરહિતાર્થે વાપરવો તેને દાન કહેવાય છે.

દાન શા માટે? શું દાન આપવું કે લેવું ઉચિત છે? દાનમાં લીધેલા કે આપેલા ધનનો ઉપયોગ લોકોની સુખશાંતિ માટે કરવામાં આવે તો તે ઉચિત છે, પણ એ દાનમાંથી જો વેપાર કરવાનો હોય તો એ દાન કરવાનો કે લેવાનો કોઈ જ અર્થ નથી.

સંસારમાં સંપત્તિની વહેંચણી ઘણી જ અયોગ્ય રીતે થયેલી છે. જેની પાસે જે છે તે તેની માલિકીનું છે. એ સંપત્તિ અન્ય જરૂરિયાતવાળી વ્યક્તિને કેવી રીતે આપવી એ એક વિચારવા જેવો પ્રશ્ન છે. જો રાજા પોતાની સત્તાની રુએ એ સંપત્તિ પડાવી લે તો તે અધર્મી, જુલ્મી ને લૂંટારો કહેવાય. એટલે જ શાસ્ત્રકારોએ સંપત્તિને જનસમાજમાં પાત્રતા કે જરૂરિયાત પ્રમાણે વહેંચી આપવા માટે દાનનો રાહ ચીંધ્યો હશે. એ દાનમાં વ્યક્તિની પોતાની મરજી રહેલી છે. આપનાર ને લેનાર બન્નેના મનમાં આનન્દ છે, ભાવના છે, પ્રેમ છે. એ દાનમાંથી કોઈ સમસ્યા ઉદ્‌ભવતી નથી.

દાનના અનેક પ્રકારો છે: વિત્તદાન, વસ્ત્રદાન, પાત્રદાન, વિદ્યાદાન વગેરે. દાનનું મહત્ત્વ પ્રસ્થાપિત કરતા અનેક પ્રસંગો આપણા શાસ્ત્રોમાં નિરૂપાયા છે પણ આપણે અત્યારે એની ચર્ચામાં નહીં ઊતરીએ. અને આ તો કેવળ ભૌતિક દાન છે. એ સમાજના બધા માટે મનુષ્યો શક્ય ને સંભવિત નથી. આપણે જ્યારે દાનનો વિચાર કરીએ છીએ ત્યારે સૌ પ્રથમ સમ્પત્તિનો જ વિચાર આવે છે. દાનની વિભાવનામાં સમ્પત્તિનો ખ્યાલ સમાયેલો જ છે પણ અસીમ સમુદ્રની જેમ સમ્પત્તિને પણ કોઈ સીમા નથી હોતી. જ્યાં જ્યાં સમ્પત્તિ હોય છે ત્યાં ત્યાં તે વિશાળ ફલક પર પથરાઈને પડી હોય છે. એનો યથોચિત વિનિયોગ તે દાન. સમ્પત્તિના સમુદ્રમાંથી ફંટાયેલું એક વહેણ—એક ઝરણું દાનનું ઝરણું બનીને વહે છે. સમ્પત્તિના સમુદ્રમાંથી દાનના એક નહિ, અનેક ઝરણાં ફૂટી શકે છે. એ દાન જ્ઞાનનું ઝરણું હોય, બુદ્ધિનું ઝરણું હોય, ધનનું ઝરણું હોય, સમયનું ઝરણું હોય, પ્રેમનું ઝરણું હોય. દાનનાં અનેક ઝરણાં વહે છે.

આપણા દેશની મોટા ભાગની વસ્તી ગામડામાં રહે છે. દેશના મોટા ભાગોમાં વહેમ–અંધશ્રદ્ધા–અજ્ઞાન મોટા પ્રમાણમાં જોવા મળે છે. દેશનાં ઘણાં લોકો નિરક્ષર છે. આપણી પાસે આવડત હોય,



Scanned by CamScanner

સમય હોય તો એવા નિરક્ષરને થોડું ઘણું પણ જ્ઞાન આપવાનું કાર્ય હાથ ધરીશું તો માનવજાતની બહુ મોટી સેવા કરી લેખાશે. એમાં બુદ્ધિ, જ્ઞાન, સમયનુ આપોઆપ જ દાન થઈ જાય છે.

આજે આપણાં સમાજ ને જીવન બદલાઈ ગયાં છે. મૂલ્યો પણ બદલાયેલાં છે. જીવનધોરણ પણ જળવાતું નથી. વ્યક્તિ પોતાને માટે જ માંડ માંડ કશુંક કરી શકે છે, તો પછી બીજાને આપવાની તો વાત જ શી? તેમ છતાં દાનનો મહિમા આપણે કરવાનો છે ને જાળવવાનો છે.

જેમનાં પાસે સંપત્તિ ને ક્ષમતા છે તે પોતાની મરજી પડે તે મુજબ ભલે ક્યાંક ને ક્યાંક કશુંક ને કશુંક દાનમાં આપે, પણ દાન કરતી વખતે માનવતાનાં મૂલ્યો નહિ વિસરે. બીજાને–દાન લેનારને–પોતાના ઉપકાર તળે દબાવે નહિ. સમાજને મદદરૂપ થવા પ્રયત્ન કરે. કોઈના અટકી પડેલા–ખોટકાયેલા–ખોરવાયેલા–જીવનવ્યવહારને સરળ બનાવવાનો પ્રયાસ કરે તો એ દાન માનવતાપૂર્ણ ને માતાજીની કૃપા પ્રાપ્ત કરાવી આપનારું નિવડી શકે એમ લાગે છે.

પણ દાન આટલું સીમિત ન હોઈ શકે. દાનને આપવા–લેવાના વ્યવહારને આપણે મોકળો બનાવવો જોઈએ અને જેમની પાસે એવી કોઈ સંપત્તિ નથી તેઓ ઓછપ પણ અનુભવશે, પણ એવાઓએ એમ ઓછપ અનુભવવાની જરૂર નથી. ભલે આપણી પાસે સમ્પત્તિ નથી, પણ સમ્પત્તિરૂપ આપણું જીવન તો છે ને! આપણને સમ્પત્તિમાં જીવન પ્રાપ્ત થયું છે. આ જીવનનો એવો વિનિયોગ કરીએ, જીવન એવું જીવીએ, જીવનનો રાહ એવો અપનાવીએ કે જે (આપણા) જીવનથી અન્યને કોઈક ને કોઈક ફાયદો થાય, બીજાને મદદરૂપ થવાય. આપણાં સાથ, સહકાર, પ્રેમ, હૂંફ ને સહાનુભૂતિ આપણે બીજાને આપીશું તો એ મોટું દાન લેખાશે.

વ્યક્તિનું જીવન હૃદય દ્વારા છે. એ હૃદયમાં અપાર પ્રેમ અને ભાવના ભર્યાં પડયાં છે. પ્રેમ ને ભાવનાનું એ દાન બીજી વ્યક્તિને અપાશે તો એનું હૃદય પુલકિત થશે. જીવનનો આનન્દ એને મળશે. જીવન જીવવા જેવું લાગશે. કારણ આજે મોટે ભાગે લોકોનું જીવન વિષમ થઈ ગયું છે. ઘણી વ્યક્તિઓ એવી છે, જેઓ નિઃસહાયતા, લાચારી, નિરાધારતા અનુભવે છે, એવાઓની સાથે થોડીવાર પણ બેસી પ્રેમથી વાતો કરીશું, એના હૃદયને ઠલવાવા જેટલી તક આપણે આપીશું, સહાનુભૂતિ ને સમભાવ દર્શાવીશું તો માનવજાતની, એક માનવની–એ માનવમાં રહેલા પરમાત્માની–બહુ મોટી સેવા કરી લેખાશે. એ દાન આત્મા દ્વારા પરમાત્માને પહોંચશે.

પરમાત્માએ આપણને ઘણું બધું આપ્યું છે. એનો યથાયોગ્ય વિનિયોગ કરવો આવશ્યક છે. પરમાત્મા તો આપણને આપે જ છે, પણ આપણે પણ કશુંક આપીએ તે જરૂરી ને યોગ્ય છે. આપવા–લેવાનો વ્યવહાર ઉભયપક્ષી હોવો જોઈએ. આ આપવા–લેવાની વિભાવનામાંથી જ દાનની વિભાવના ઉદ્‌ભવી હશે. પણ કાળ ને સ્થળના પરિમાણમાં એ બહુ સીમિત બની ગઈ ને એનું મૂલ્ય વિસરાઈ ગયું. દાનની એ વિભાવના ને મૂલ્યની પુનર્સ્થાપના કરવાનો સમય પાકી ગયો છે.

આપણી ઉપાસનાની સાથે સાથે આપણી પાસે જે કંઈ શારીરિક, માનસિક, આર્થિક બળ કે સમ્પત્તિ છે તે બીજાને પણ ઉપયોગી થાય તેવું જીવન જીવીશું તો સાચી સેવા કરી લેખાશે.

પણ આ તો દાનની ઉપલી સપાટીનો–ભૌતિક સ્તરનો જ વિચાર થયો.

દાન આધ્યાત્મિક–ઉપાસનાકીય પણ હોઈ શકે છે.

જગતનાં કોઈ કોઈ વિરલ મનુષ્યો પાસે આધ્યાત્મિક અને ઉપાસનાકીય શક્તિ હોય છે. એવી આધ્યાત્મિક–ઉપાસનાની શક્તિ ધરાવનાર મોટે ભાગે સન્તો જ હોય છે. એ શક્તિ દ્વારા સન્તો જનસમાજની સેવાનું જે કાર્ય કરે છે તે આધ્યાત્મિક–ઉપાસનાનું દાન જ છે.



Scanned by CamScanner

દરેક સન્તો પોતપોતાની પ્રણાલી અનુસાર જનસમાજ સમક્ષ આધ્યાત્મિકતાનો–ઉપાસનાનો અભિગમ વહેતો મૂકે છે. પોતે જે અલૌકિક શક્તિ ને જ્ઞાન સંચિત ને સમ્પ્રાપ્ત કર્યાં છે તે જનસમૂહમાં સંક્રાન્ત કરવાનો પ્રયાસ કરે છે. તેમના એ જ્ઞાન ને શક્તિથી મનુષ્ય પોતાનો જીવનવ્યવહાર સરળ બનાવી શકે છે અને ઉપાસનાના આચારને આલોકિત કરી શકે છે. આધ્યાત્મિક અભિગમને અભિમુખ બને છે ને એમ કરતાં કરતાં સમસ્ત સમાજનું સ્વચ્છ ઘડતર થાય છે ને સ્વચ્છ સમાજમાં ભાગ્યે જ વિષમતા રહે છે. ઉપાસનાના–આધ્યાત્મિકતાના દાનની બહુ મોટી ફલશ્રુતિ છે.

પૂ. ગુરુદેવનાં જીવન અને કાર્ય તરફ દષ્ટિપાત કરતાં જણાય છે કે તેમણે ઉપાસનાની તેમ જ આધ્યાત્મિકતાની જે શકિત સમ્પ્રાપ્ત ને સંચિત કરી છે તેનો જનકલ્યાણાર્થે સમુચિત વિનિયોગ કરી રહ્યા છે. પોતાનો બધો જ સમય, પોતે પ્રાપ્ત કરેલું ને આત્મસાત કરેલું જ્ઞાન લોકોની બુદ્ધિ સુધી પહોંચાડવાનું વિરલ કાર્ય તેમણે આગવી રીતે સિદ્ધ કર્યું છે, એ રીતે તેઓ જ્ઞાન ને શક્તિના બહુ મોટા દાતાર છે. એક પ્રખર આધ્યાત્મિક દાનેશ્વરીનો ચિતાર તેમના જીવન, કાર્ય ને જીવન સન્દેશમાંથી પ્રાપ્ત થાય છે.

આપણે દાનની ભૌતિક નહિ, પણ આ આધ્યાત્મિક વિભાવનાને અનુસરી શકીશું તો આપણને પણ કંઈક 'દાન' દીધાનો સન્તોષ થશે, આનન્દ થશે. આખરે તો આ કાર્ય વ્યક્તિનું આધ્યાત્મિક મૂડી રોકાણ છે. બીજા જન્મમાં એ અનેકગણું સાત્ત્વિક પરિપાકરૂપે પ્રાપ્ત થાય છે. આપણે એ પાક લણવાનો પુરુષાર્થ આદરીશું તો ઉચિત લેખાશે.

એટલું ખાસ યાદ રહે કે દાન માત્રમાં સેવાની ભાવના સંકળાયેલી છે, નિઃસ્વાર્થ ભાવ રહેલો છે. એમાં અહમ્‌ને સ્થાન નથી હોતું. અહમ્‌રહિત નિઃસ્વાર્થ સેવા–ભાવનાથી કરાયેલું દાન જ સાચું દાન ગણી શકાય. એ વિનાનું દાન, લેનારને ઉપકારના બોજ તળે કચડી નાખશે. આપણે આવી નિઃસ્વાર્થ સેવાભાવના કેળવવાનો પ્રયત્ન આદરીશું ?

□

મા ગાયત્રીની કૃપા અને પૂ. શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર અવિરતપણે વરસતા રહો એવી અભ્યર્થના સહિત

**NARENDRA PROCESSING INDUSTRIES**

Tele. : Factory : 41177 * Resi. : C/o 42689

33–1, Plot No. 1, Behind Sub–Jail, Khatodra,
SURAT – 395 002

# સ્વપ્નમાં ચેતવણી

ભક્તિ-નામસ્મરણ એ માનવીના ચિત્તનો સહજ અને સ્વાભાવિક આવિષ્કાર છે. ઈશ્વરીય પ્રેરણા અને કૃપાનું એ પરિણામ છે. તેથી ભક્તિનાં સ્પંદનો માનવજીવન માટે અનેકવિધ રીતે ઉપકારક નીવડે છે. આખરે એ અનુભવનો વિષય છે. ભક્તિ ક્યારેય અફળ નથી થતી. નામસ્મરણ ગમે તે સ્વરૂપે સહાયરૂપ બની રહે છે. કુટુમ્બનું-કદાચ પેઢીઓનું પણ રક્ષણ કરી તારક અને ઉદ્ધારક બળ બની રહે છે. જીવનની મુશ્કેલ પરિસ્થિતિમાં એ માર્ગદર્શક બને છે. તો આવનાર આફતોમાંથી એ એવી રીતે ઊગારી લે છે કે એની તો આપણને પોતાને પણ ખબર પડતી નથી.

ક્યારેક તો અત્યંત ભક્તિપરાયણ વ્યક્તિને--કુટુમ્બને પણ મનોવાંછિત ફળ નથી મળતું ત્યારે માનવીય-લૌકિક બુદ્ધિએ આપણને અહિત થયાનો-અનિષ્ટ સર્જયાનો ભાસ થાય છે પરન્તુ અત્રે એટલું યાદ રાખવું ઘટે કે પરમાત્માના નામસ્મરણમાં લીન રહેતા માનવીનું ક્યારેય અનિષ્ટ-અહિત થતું નથી. વ્યક્તિ નામ-સ્મરણમાં લીન રહેવા છતાં, એનો જ એક માત્ર આશ્રય હોવા છતાં, જ્યારે કોઈક વિપરીત પરિણામ અનુભવવા મળે ત્યારે જાણવું ને સમજી લેવું કે, આ કાર્યમાં પરમાત્મા રાજી નથી. અથવા એને પસન્દ નથી. એની ઇચ્છા કંઈક જુદી જ લાગે છે. એ આપણને બહુ મોટા અનિષ્ટમાંથી -બહુ મોટી આફતમાંથી બચાવી રહ્યો છે. ધારવા કરતાં વિપરીત પરિણામ આવે - પરિસ્થિતિ નિર્માણ થાય, એમાં પરમાત્માનો બહુ મોટો શુભ સંકેત સમજવો. એની ઈચ્છાને જ સર્વોપરિ ને કલ્યાણકર સમજી માથે ચઢાવવી, એના જ નામસ્મરણમાં-જપમાં-પ્રાર્થનામાં ચિત્તને લીન રાખવું. ભક્તિમાં તદ્દાકાર બનેલા ચિત્તમાંથી આપોઆપ નિષ્ફળતાની નિર્માણ થયેલી વિપરીત પરિસ્થિતિની પડછે રહેલા પરમાત્માના શુભ આશયનો સંકેત પ્રાપ્ત થઈ જશે. નામસ્મરણનો-પ્રાર્થનાનો આ એક બહુ મોટો પ્રભાવ છે.

આપણે ત્યાં શાળા-કૉલેજોમાં સહ-અધ્યયન કરતા કે કોઈ ઑફિસમાં સહકાર્યકર્તા યુવક-યુવતીઓનો પરસ્પર પરિચય આપોઆપ જ થતો હોય છે. એ પરિચયમાંથી મૈત્રી નિકટતા-આત્મીયતા કેળવાય છે ને એમાંથી ઘણાય યુવક-યુવતીઓ પ્રેમ સમ્બન્ધથી જોડાતા હોય છે, પણ એ પ્રેમ-સમ્બન્ધ જ્યારે પરિણયને તબક્કે આવીને ઊભો રહે છે, ત્યારે એમાંથી અનેક જાતની સમસ્યાઓ ઉપસ્થિત થાય છે. અનેક પ્રશ્નો ઉદ્ભવે છે. જ્ઞાતિના ભેદભાવ, પ્રતિષ્ઠાનો પ્રશ્ન, રીતરિવાજ, વડીલોનું રૂઢિચુસ્ત માનસ અને એના કારણે પરસ્પરનાં કુટુંબોનો સ્વીકાર-અસ્વીકાર, આ બધાંની વચ્ચે, આ સર્વથી પર બની, પ્રેમના તંતુએ જોડાયેલા પેલા બે આત્મા અગ્નિની સાક્ષીએ પરિણયનું-પવિત્ર સાહચર્યનું સૌભાગ્ય કેટલા પ્રાપ્ત કરી શકે? એ યુવક-યુવતીઓનો સ્વીકાર એમના વડીલો કરે તો તો સારું, પણ જ્યારે સમ્બન્ધનો પ્રબળ વિરોધ કરી, એનો અસ્વીકાર થાય, એ પરિણયનો સામાજિક-કૌટુમ્બિક ઇનકાર થાય ને પછી જે કટુતા-વિષમતા સર્જાય, જીવનમાં જે આફતો આવે તે આમ તો અલબત્ત, બન્ને પક્ષે યુવક-યુવતીને આવે, પણ મોટે ભાગે તે સ્ત્રીને જ સહન કરવાનું રહે છે, એના જીવનમાં અનેક સમસ્યાઓ સર્જાતી હોય છે.

પરમાત્મા તો પરમકૃપાળુ છે. એ તો અંતર્યામી છે, સર્વજ્ઞ છે, અને એના નામસ્મરણમાં લીન રહેતા આવા આત્માઓને એ બચાવી લે છે, ઊગારી લે છે.

એક બહેનને ગાયત્રી-ઉપાસનાના આરંભે જ માતાજીએ જીવનના આ જ પ્રકારના સંભવિત અનિષ્ટમાંથી ઊગારી લીધાં એનો કિસ્સો અત્રે પ્રસ્તુત કર્યો છે.


ગાયત્રી-ઉપાસનાનો ખૂબ સારો પ્રચાર ને પ્રસાર થઈ રહ્યો છે. ગાયત્રી-વિષયક સાહિત્ય પણ ઠીક ઠીક પ્રકાશિત થઈ રહ્યુ છે. એમાંથી યત્કિંચિત્ પ્રેરણા લઈને એક બહેને ગાયત્રી-ઉપાસનાનો આરમ્ભ કર્યો. એ બહેન નિરંતર જપ કરે છે. એમની દીકરીને તે જે ઑફિસમાં નોકરી કરતી હતી, ત્યાંના એમનાથી ઇતર જ્ઞાતિના કોઈક યુવક સાથે પ્રેમ-સમ્બન્ધ બંધાયો. વાત આગળ ચાલી છોકરો નોકરીને કારણે એકલો જ માતપિતાથી છૂટો રહેતો હતો. આ વાત જાણી છોકરીના માબાપને ચિંતા થવા લાગી. એક દિવસ કોઈક સન્ત જેવા તેજસ્વી પુરુષે એ બહેનને સ્વપ્નમાં દર્શન આપી કહ્યું, 'બહેન આ કરશો નહિ !' માબાપ મૂંઝવણમાં પડી ગયાં ને લાગ્યું કે વાત છોકરી માટે હોવી જોઈએ. એ બહેન નિયમિત ગાયત્રીના જપ કરતાં હતાં. તેથી એમને વિશ્વાસ હતો. એમણે એમના એક પરિચિત મારફતે બહારગામ રહેતા છોકરાના મા-બાપ વગેરેની ખબર કઢાવી તો માલમ પડ્યું કે છોકરાના માબાપ આ લગ્નમાં જરા પણ રાજી નથી ને લગ્ન થશે તો ખતરનાક પરિણામ આવશે, તેથી તરત તો વિચાર પડતો મૂક્યો.

થોડાક સમય બાદ પૂ. શાસ્ત્રીજીનો મુંબઈમાં ગાયત્રીઉપાસના નિદર્શનનો કાર્યક્રમ હતો તે દરમ્યાન તેઓ શાસ્ત્રીજીની મુલાકાતે ગયા. એમનાં દર્શન કરતાં તરત જ પેલાં બહેનને ખ્યાલ આવ્યો કે સ્વપ્નમાં જે સન્ત, જે તેજસ્વી પુરુષે ચેતવણી આપી હતી તે આ જ હતા. સ્વપ્નમાં પહેલાં માત્ર એક બાજુનો જ ચહેરો દેખાયો હોવાથી તેઓ પારખી શક્યાં નહોતાં. પણ ચેતવણી ખૂબ જ સ્પષ્ટ હતી. બહેને શાસ્ત્રીજીનો ખૂબ ખૂબ આભાર માન્યો. એમની દીકરીનું જીવન મહામુસીબતમાંથી ઊગરી ગયું.

આપણે આધુનિકતાની-નવનિર્માણની-નૂતન સમાજરચનાની વાતો કરીએ છીએ, પણ આધુનિકતાને બાહ્ય પરિવેશથી શણગારવાથી આધુનિકતા નિર્માણ થતી નથી. જીવનની કેટલીક રીતિઓને કેવળ ફૅશનપરસ્ત કરવાથી આપણે કે આપણો સમાજ બદલાવાનો નથી. આપણે તો આપણા ચિત્તમાં, આપણા માનસમાં આવી જે અનેક પ્રકારની રૂઢિઓ ઘર કરીને બેઠી છે એને દૂર કરવાની છે. આપણા-આપણા સમાજના વિકાસમાં-હિતમાં આડે આવતી ને આપણે સ્વીકારી લીધેલી માન્યતાઓને-પરમ્પરાઓને દૂર કરવાની છે ને જીવનના-સમાજની પોષક ને ઉદ્ધારક એવી નિખાલસતાને સ્વીકારવાની છે. પરમ્પરાગત રૂઢિઓને બદલીને સમયને અનુરૂપ હિતકર પ્રણાલીઓ અપનાવીશું તો આપણે અને આપણો સમાજ બહુ મોટાં અનિષ્ટોમાંથી ઊગરી શકશે. આપણે આવી રૂઢિઓને, આપણા આવા સંકુચિત માનસ ધરાવતા સમાજનું તો શાસ્ત્રીજી જેવા પ્રખર આધ્યાત્મિક-આત્મિક શક્તિઓ ધરાવતા સિદ્ધપુરુષો જ પરિવર્તન કરી શકશે. સમાજની જડ પરંપરાઓથી તેઓ સમાજને જ બચાવી શકશે. એમની ઉપાસનાની સિદ્ધિઓનાં-શક્તિઓનાં સ્પંદનો માનવમનને સ્વચ્છ, સુઘડ, નિખાલસ ને રૂઢિમુક્ત બનાવશે. આપણે શાસ્ત્રીજીના આદેશને-આદર્શને-માર્ગદર્શનને અનુસરીશું તો આવી જડ રૂઢિઓથી આપણું રક્ષણ થશે ને એવી રૂઢિઓનો પરિહાર કરવાની આપણને પ્રેરણા પ્રાપ્ત થશે. નહિ તો આવી સ્વીકારી લીધેલી માન્યતાઓ, ઘર કરીને બેઠેલી રૂઢિઓ લગ્નજીવનની પવિત્ર પ્રણાલી, પવિત્ર બન્ધનને વેરવિખેર ને વિચ્છિન્ન કરી નાખશે.

☐

# પૂજ્ય ગુરુદેવના સાન્નિધ્યની પળોમાં....



અમદાવાદમાં ગુલબાઈ ટેકરા પર આવેલી ત્રિમૂર્તિ સોસાયટીના 'નીલોષા' નામધારી બંગલામાં પૂ. શ્રી શાસ્ત્રીજીની વ્યક્તિગત મુલાકાતનો કાર્યક્રમ ચાલે છે તે તો આપ સૌને સુવિદિત હશે જ. એક દિવસ બપોરના બે વાગ્યાના સુમારે હું 'નીલોષા' પૂ. ગુરુદેવનાં દર્શને ગયેલી. કમ્પાઉન્ડમાં કેટલાંક મુલાકાતી ભાઈ–બહેનો પોતાનો વારો આવવાની પ્રતીક્ષા કરી રહ્યાં હતાં. કેટલાંક ભાઈ–બહેનો ઓરડાની બહાર કતારમાં ઊભાં હતાં. ઓરડાની બહાર ઓટલાના ચોતરા પર, ઓરડાના બારણાંની બાજુમાં ટેબલ–ખુરશી પર કેટલાંક ભાઈ–બહેનો વ્યવસ્થામાં પરોવાયેલાં હતાં. બંગલાનું વાતાવરણ અલૌકિક આહ્‌લાદ અને સૌરભથી છવાઈ ગયું હતું. અપાર શાંતિ મનને ઘેરી વળી હતી. કોઈક અજબ–ગજબનું આકર્ષણ અસ્તિત્વને ત્યાં સમર્પિત કરી દેવા ઘેરી વળ્યું હતું. ગુરુભાઈ–બહેનો સાથે હળતાં–મળતાં સત્સંગ કરતાં સમય ક્યાં પસાર થઈ ગયો તેની ખબર ન રહી. ઘડિયાળનો કાંટો ત્રણનો આંક વટાવી આગળ વધી રહ્યો હતો. મુલાકાતીઓની અવરજવર બંધ થઈ ગઈ અને કેવળ કાર્યકર્તાઓ, અંદર ઓરડામાં બેઠેલ પૂ. ગુરુદેવ અને વેદજનની સાક્ષાત્ છતાં સૂક્ષ્મ રૂપે ત્યાં હાજર હતાં. કાર્યકર્તાઓએ બહારની કામગીરી સમેટી લીધી. પૂ. ગુરુદેવના ઊઠવાનો સમય

થયો હતો, તેથી સૌ ભાઈ–બહેનો એક સાથે પ્રણામ કરવા ગુરુદેવના ઓરડામાં ગયા. બધાંની સાથે મેં પણ પૂ. ગુરુદેવનાં ચરણોમાં પ્રણિપાત કર્યા. પૂ. ગુરુદેવે મારા હાથમાં, અને સૌના હાથમાં પણ, ગુલાબના પુષ્પોના પ્રસાદી મૂકી. સ્વાભાવિકપણે જ એ પુષ્પોને મેં આંખે અડકાડયાં. એની સૌરભ મારા અસ્તિત્વને અલૌકિક આનન્દથી રણઝણાવી ગઈ. એ સાથે જ મને થયું કે શું ગુરુદેવ આ પુષ્પોની સાથે જ જાણે મૂકભાવે નથી કહી રહ્યા કે જીવનને પણ આમ સુવાસમય બનાવજો? મનુષ્યજીવનને સુવાસમય બનાવવા તો તેઓ આમ સેવાનો ભેખ ધારણ કરીને બેઠા છે. વેદજનની સ્વયં સાક્ષાત્ હાજર રહીને પૂ. ગુરુદેવને અને ગુરુદેવ પાસે આવતા મનુષ્યોને જીવનની ઉત્તુંગતા ભણી દોરી રહ્યાં છે. માતાજીને જેટલા ગુરુદેવ પ્રિય છે તે જ રીતે તેના લાડલા દીકરા પાસે આવનાર મનુષ્યો પણ પ્રિય છે. અને પોતાના પ્રિયના હિત અને રક્ષણ ખાતર વેદજનની સદાસર્વદા પોતાના લાડલા દીકરા નરેન્દ્ર- (શાસ્ત્રીજી)ના સ્વાંગમાં હાજરાહજૂર રહે છે.

ગુરુદેવને પ્રણિપાત કરી ઊભાં થતાં જ, ગુરુદેવે સૌની સમક્ષ વાતનો આરંભ કરતાં કહ્યું:

"હમણાં જ થોડીવાર પહેલાં એક ભાઈ મારી મુલાકાતે આવ્યા હતા. તેઓ હરહંમેશ મારી પાસે આવે છે ને શ્રદ્ધાપૂર્વક માતાજીની ઉપાસના કરે છે. તેમણે તેમનો એક અનુભવ વર્ણવતાં કહ્યું કે,

'ગુરુદેવ, મને સ્વપ્નમાં આપનાં દર્શન થયાં. આપે મને કહ્યું કે, વેપારમાં તું ગ્રાહકો પાસેથી પાંચ પૈસા કેમ વધારે લે છે? શું હું પાંચ પૈસા વધારે લઉં છું તેની આપને ખબર પડી ગઈ?'

ગુરુદેવે સસ્મિત વદને માર્મિક રીતે કહ્યું:

ભાઈ, જેમણે ઉપાસના કરી આધ્યાત્મિક માર્ગે આગળ વધવું છે તેમણે નીતિ અને પ્રમાણિકતાનાં મૂલ્યો જાળવવાં જરૂરી છે. ઉપાસનાનો રાજમાર્ગ છોડી ગલીકૂંચી કે ઝાડીઝાંખરીમાં શા માટે જવું?"

આ સાંભળી મને થયું કે, સાચે જ ગુરુદેવ જીવનને સુવાસમય બનાવવાનો આડકતરી રીતે અનુરોધ કરે જ છે. એ સુવાસમાં જડ–યંત્રવત્ ઉપાસના નહિ, પણ સચ્ચાઈની–પ્રમાણિકતાની–પવિત્રતાની સુવાસ મહેકે છે.

આધ્યાત્મિક માર્ગે ઉપાસનાપરાયણ વ્યક્તિ કે ઉપાસક માટે, ઉપાસનાના આચાર જેમ કે પૂજા–પાઠ, નામસ્મરણ કે જપની સાથે, પવિત્રતા, પ્રામાણિકતા અને સચ્ચાઈ પણ આવશ્યક છે. સત્યપરાયણ, પ્રામાણિક ને પવિત્ર મનુષ્ય કે ઉપાસક પ્રભુને–માતાજીને વિશેષ પ્રિય બને છે. પૂ. ગુરુદેવ પણ હરહંમેશ મન, વચન અને કર્મથી પવિત્ર રહેવા પર વિશેષ ભાર મૂકે છે. તે તેમના જીવનનો મન્ત્ર, સન્દેશ અને આદર્શ છે.

પ્રભુને–માતાજીને જે પ્રિય છે તે અનેક સન્તોએ જાતે અનુભવ્યું છે તેનું નિદર્શન કરવાનો તેઓને પ્રભુ તરફથી–માતાજી તરફથી આદેશ મળે છે. એવા કોઈ પવિત્ર ને વિરલ આત્મા મારફત પ્રભુ–માતાજી ઉપાસકને–મનુષ્યને પોતાના જીવનપથ પર વિહાર કરતા કરતાં તેના પ્રત્યેક વ્યવહારોમાં પેલી પ્રમાણિકતા ને પવિત્રતા તેમ જ સચ્ચાઈનું સ્મરણ કરાવ્યા કરે છે. વ્યક્તિ–ઉપાસક પોતાના ઈષ્ટની–માતાજીની શરણાગતિ સ્વીકારે છે ત્યારે તેનું હિત પણ તેના (ઈશ્વરના) હૈયે વસેલું જ હોય છે. વ્યક્તિ નિજના શ્રેયની (પ્રિયની) ખેવના રાખે છે. ભગવાન ભક્તના શ્રેયાર્થે વિચારે છે. પોતાના ભક્તના અહિતની સંભાવના ને શક્યતા ભગવાન સહન કરી શકતા નથી ને તેથી જ એ અહિતની સંભાવના ને શક્યતામાંથી તેને ઊગારવા પોતે પોતાના દૂતનું રૂપ ધારણ કરી ઉપાસકને ચેતવે છે.

[ આધ્યાત્મિક કેડી, જુલાઈ, '૮૭



Scanned by CamScanner

ઉપાસક જો આ ચેતવણીથી જાગ્રત બની જાય તો તે આત્મવિકાસનાં સોપાનો સરળતાથી ચડી શકે છે. જો તે તેની અવગણના કરે તો પતન તરફ ધકેલાય છે.

પરમ તત્ત્વને–માતાજીને પામવા શ્રદ્ધાન્વિત બની શરણાગતિના સરળ–સહજ, રાજમાર્ગ પર આગળ વધવાનું છે. જ્યારે ઉપાસકનો રાજમાર્ગ સહેજ પણ આડોઅવળો ફંટાય છે ત્યારે ભગવાન–માતાજી પોતાના સન્દેશવાહક મારફત–શાસ્ત્રીજી દ્વારા આમ ગૂઢ માર્ગદર્શન આપે છે. તેને અનુસરવું આપણી–ઉપાસકની પવિત્ર ફરજ છે.

પરમ તત્ત્વની–માતાજીની શરણાગતિથી, તેની શ્રદ્ધાપૂર્વકની ઉપાસનાથી તેમ જ પૂ. ગુરુદેવના આશિષ ને વાત્સલ્ય તો ખરાં, પણ તેમની આત્મિક શક્તિ ઉપાસકને તેના વ્યવહારો પ્રત્યે કેવું સરળ, સચોટ ને વ્યવહારુ માર્ગદર્શન અને ચેતવણી આપે છે!

*

પૂ. ગુરુદેવ આપણને સૌને નિષ્કામ ઉપાસનાનો આદેશ આપે છે. પૂ. ગુરુદેવનો આ આદેશ તેમના જીવન અને કાર્યમાં એક આદર્શ તરીકે ચરિતાર્થ થયેલો જોવા મળે છે. માનવીના જીવનમાં આદર્શ અને આદેશ જ્યારે એક બની જાય છે ત્યારે તેની મહાનતા અનેકગણી વધી જાય છે. આદર્શ ને આદેશને એક બનાવી તેને ચરિતાર્થ કરવાનું કાર્ય ઘણું દુષ્કર છે. એ દુષ્કર કાર્ય માનવી જ્યારે કોઈ પણ ભોગે, કોઈ પણ સંજોગોમાં છોડતો નથી ત્યારે તે કસોટીની પ્રખર ક્ષણોમાંથી પસાર થાય છે. જીવનમાં કોઈક સત્ત્વની તે પ્રાપ્તિ કરે છે ને જગતને માટે પ્રેરક બની રહે છે.

ખાસ કરીને સન્તોના જીવનમાં આ આદર્શ ને આદેશની એકાત્મતા પ્રબળપણે જોવા મળે છે ને એ માર્ગે પ્રયાણ કરવા અસ્તિત્વ અધીર થઈ ઊઠે છે. આવા સન્તો તો પરમતત્ત્વ સાથે સમ્પૂર્ણ-પણે જોડાઈ ગયા હોય છે. પરમાત્મા સાથે એ સંલગ્નતામાંથી આદેશ પ્રાપ્ત કરી તેઓ લોકકલ્યાણનો માર્ગ અપનાવે છે ત્યારે લોકોના કલ્યાણ અર્થે અને પોતાની અંગત સગવડ ખાતર પણ આરાધ્ય તત્ત્વ પાસે કશું પણ માગવા તત્પર થતા નથી અને ન માગવાની–નિષ્કામ બનવાની વાત આપણા સંસારીજનો પાસે મૂકે છે.

પૂ. ગુરુદેવની નિષ્કામ ઉપાસનાનો અભિગમ કેવો છે તેને રજૂ કરતો એક પ્રસંગ અત્રે પ્રસ્તુત કર્યો છે.

સૌને વિદિત હશે જ કે અમદાવાદની સિવિલ હૉસ્પીટલમાં ગુરુદેવનું જે નિવાસસ્થાન છે તે સરકારી છે. પૂ. બહેન હૉસ્પીટલની નોકરીમાંથી નિવૃત્ત થશે કે રાજીનામું આપશે ત્યારે આ નિવાસ-સ્થાન સુપરત કરી દેવું પડશે અને તે વખતે પૂ. ગુરુદેવને પોતાના અંગત–સ્વતંત્ર માલિકીના ઘરની જરૂર પડશે. ગુરુદેવ ગૃહસ્થી હોઈ અને કુટુંબ સાથે રહી આ લોકસેવાનું કાર્ય કરી રહ્યા છે ત્યારે–વ્યક્તિગત મુલાકાત, જીવનજળ અને શક્તિપ્રદાનની સારવાર માટે, લોકોની અવરજવર–મુલાકાત માટે અને કૌટુમ્બિક સગવડ ખાતર થોડીક વિશાળ જગ્યાની આવશ્યકતા રહે છે. આથી કેટલાક ભક્તો એવી જગ્યાની શોધમાં છે કે જ્યાં પૂ. ગુરુદેવનું અંગત નિવાસસ્થાન બની શકે અને કુટુંબ સાથે રહી, વ્યક્તિગત મુલાકાતનું કાર્ય પણ સરળતાથી, લોકોને અગવડ ન પડે તે રીતે થઈ શકે, તે માટે કેટલાક ભક્તો પોતાની નજરમાં આવે તે જગ્યાનું સૂચન ગુરુદેવને કરી રહ્યા છે. પણ ક્યાંય એવી અનુકૂળ જગ્યાનો મેળ પડતો નથી. આથી એક દિવસ એક ભક્તે ગુરુદેવને કહ્યું :



Scanned by CamScanner

'ગુરુદેવ, આપ માતાજીને જ વિનંતી કરો ને કે આપને લાયક જગ્યા અપાવે. માતાજી આ કાર્ય ક્યારે સાકાર કરશે? આપ માતાજીને જ આ અંગે પૂછી લો ને, જેથી તેમના માર્ગદર્શન-સૂચન પ્રમાણે અમને કામ કરવાની સમજ પડે...'

ગુરુદેવ કહે, 'મેં કદી માતાજી પાસે કશું માગ્યું નથી. એ બધું જ જાણે છે, એને બધી જ ખબર છે. એની મરજી હશે તેમ થશે. આપણે આપણું કાર્ય કર્યે જવું. કોઇ પણ નાની કે મોટી માગણી કરવાનું મને ઉચિત નથી લાગતું.'

ગુરુદેવના અવાજમાં માતાજી પ્રત્યે પ્રબળ શ્રદ્ધા અને શરણાગતિનો ભાવ મક્કમતાથી અને સ્પષ્ટતાથી વહી આવતો હતો. માતાજી પાસે આવી માગણી કરવાનું સૂચન ભક્તો તરફથી થતાં તેઓ થોડાક ખિન્ન પણ જણાયા, કારણ જેઓ પ્રથમથી જ સમ્પૂર્ણ નિષ્કામ છે, નિઃસ્પૃહ છે. તેમને આ વાત ગળે ન ઊતરે તે સ્વાભાવિક છે.

આત્મસાક્ષાત્કાર પામી ચૂકેલા, નિર્વિકલ્પ અવસ્થાએ પહોંચેલા એક ઉપાસકના આ શબ્દો આપણને પણ કેટલું બધું સૂચવી જાય છે.

આપણે સૌ સંસારી છીએ, સંસારની વચ્ચે રહીએ છીએ આપણા સંસાર અને જીવનમાં દરરોજ નિતનવીન સમસ્યાઓ સર્જાય છે ને એ માટે આપણે માતાજીનું શરણું સ્વીકારીએ છીએ. તેની પાસે માગીએ પણ છીએ. ન મળતાં અકળાઈએ પણ છીએ ને ક્વચિત્ ઈશ્વરને-માતાજીને દોષ પણ દઈએ છીએ. આ વાત કેટલી ઉચિત છે તેનો નિર્ણય આપણે સૌ આના પરથી જ કરી લઈએ.

ગુરુદેવ પાસે ચોક્કસ શક્તિ છે, માતાજી સાથે પ્રત્યક્ષ અનુસન્ધાન છે, પોતે માતાજીના લાડલા છે, એ લાડની રુએ પણ તેઓ કશું માગતા નથી, માગવા તૈયાર પણ નથી. પોતે પોતાની મસ્તીમાં મસ્ત બની રહે છે. માતાજીની નિષ્કામ ભક્તિના એકધારા લયને સહેજ પણ વિક્ષિપ્ત થવા દેતા નથી. ગુરુદેવના આદર્શ અને આદેશ સમી નિષ્કામ ઉપાસનાને આપણે પણ આપણા જીવનમાં ચરિતાર્થ કરવી જોઈએ તેમ લાગે છે.

જીવનમાં નિષ્કામ ને નિઃસ્પૃહ બનવાથી કોઈક અલૌકિક આનન્દની અનુભૂતિ થાય છે. જીવનમાં જ્યારે જ્યારે કોઈ પણ કામના-ઈચ્છા સેવીએ છીએ ત્યારે મન પર, અસ્તિત્વ પર તેનો સતત બોજ અનુભવાય છે. ઇચ્છાઓ ફળીભૂત ન થવાથી મનમાં ક્લેશ જન્મે છે ને તેથી મનની શાંતિ હણાય છે. મનની ઇચ્છાઓ-કામનાઓને સ્થગિત કરી દઈએ છીએ ત્યારે સમસ્ત અસ્તિત્વ એક પ્રકારની હળવાશ અને પરમ શાંતિનો અનુભવ થાય છે. અસ્તિત્વમાં ઊગી આવેલી આ હળવાશ માનવીને સતત પ્રસન્ન અને તેજસ્વી બનાવે છે. કારણ મનમાં કોઈ ઈચ્છા-કામના ન ઉદ્ભવવાથી તેને સાકાર કરવા-ફળીભૂત કરવા કોઇ વિચાર નથી આવતો એ દિશામાં કોઈ પ્રયત્ન આદરવો નથી પડતો, એટલે મન, ચિત્ત, અસ્તિત્વ બાહ્ય પળોજણમાં અટવાતું નથી. તે એકાગ્ર, શાંત, સ્થિર ને અંતર્મુખી બને છે. શાંત, સ્થિર, પ્રસન્ન, એકાગ્ર ને અંતર્મુખી ચિત્ત પરમ તત્ત્વમાં-માતાજીમાં વિશેષ લીન બની રહે છે. એ લીનતામાંથી નિજાનન્દ ઉદ્ભવે છે. એ નિજાનન્દ માનવીના ચહેરા પર દીપ્તિ રૂપે, તેજ રૂપે સતત ઝળક ઝળક થયા કરે છે.

સન્તોના-શાસ્ત્રીજીના મુખ પર નિરંતર ફરકતી દિવ્યતા, તેજસ્વિતા, પ્રસન્નતાનું આ એક પ્રબળ કારણ લાગે છે. નિષ્કામથી નિર્વિકલ્પ અવસ્થા સુધી ક્રમશઃ છતાં સરળતાથી પહોંચી શકાય છે એમ પૂ. ગુરુદેવના આ અભિગમ પરથી સ્પષ્ટ પ્રતીત થાય છે.

* * *



Scanned by CamScanner

આપણે જ્યારે પરમ તત્ત્વની-માતાજીની સમ્પૂર્ણ શ્રદ્ધાપૂર્વક શરણાગતિ સ્વીકારીએ છીએ ત્યારે તેની સાથે એક પ્રકારનો અનુબન્ધ-નાતો-સમ્બન્ધ-રચાય છે એ તો નિઃશંક છે. આપણે પરમાત્માની સહાય માટે પ્રાર્થના કરીએ છીએ. ત્યારે પરમાત્માનું સાક્ષાત્ સ્વરૂપ આપણે જોઈ શકતાં નથી, પણ ગેબીરૂપે આપણને સહાય તો આવી જ મળે છે તેની સાથે રચાયેલા અનુબન્ધને કારણે આપણે તેની પ્રેરણાનાં અધિકારી બનીએ છીએ, જે પ્રેરણાથી આપણે આપણા જીવનની ગતિ-દિશા નક્કી કરીએ છીએ. આપણી મુશ્કેલીઓનો ઉકેલ પ્રાપ્ત થઈ જાય છે. પ્રભુના પ્રત્યક્ષ નહિ, પણ પરોક્ષ સાન્નિધ્યની પળોની આ અનુભૂતિઓ છે.

પૂ. ગુરુદેવ આપણી વચ્ચે એક સેતુરૂપે રહી કાર્ય કરે છે. અને એનાં સુફળ આપણને ચખાડે છે, તે તેમની મહાનતા છે. સાચે જ તેઓ વિરલ વિભૂતિ છે. તેઓ એક સેતુરૂપે, એક માધ્યમ રૂપે, જોજનો દૂર રહીને પણ આપણને તેમના સાન્નિધ્યનો સંસ્પર્શ કરાવે છે, તે પળોની અનુભૂતિ સ્વસંવેદ્ય (જાતે અનુભવ કરવા જેવી) ને આનન્દજનક બની રહે છે.

ભક્ત નરસિંહનાં કાર્યો કરવા ભગવાન જાતે આવતા હતા, મીરાંના વિષમાં અમૃત રેલાવવા પ્રભુ સ્વયં પ્રગટ થયા હતા. આપણી ભક્તિ એટલી સઘન ને તીવ્ર નથી, કે ઈશ્વર સ્વયં આપણને તેના અસલ રૂપનાં દર્શન કરાવે. તેમ છતાં તે ખૂબ દયાળુ છે. તેના શરણાગત પર પોતાની કૃપાની-શક્તિની છાયા પાથર્યા વિના રહેતો નથી. તે અદૃષ્ટ ને અગોચર રહીને શરણાગતને સહાય કરતો જ રહે છે.

પૂ. ગુરુદેવના પરોક્ષ સાન્નિધ્યની મેં જે અનુભૂતિ કરી હતી તે અત્રે રજૂ કરું છું.

તે વખતે મારા પિતાની તબિયત ખૂબ જ ગંભીર હતી. પળે પળે કટોકટી તીવ્ર બનતી હતી. શું કરવું તે સમજાતું નહિ. શું થશે તેની ગતાગમ પડતી નહિ. આ ક્ષણ સુધી તબીબોનો અભિપ્રાય તો એક જ હતો કે ચિંતા કરવાની જરૂર નથી. દવા-ઈન્જેક્શનોથી આવી જશે. હોસ્પીટલ જવાની યે જરૂર નહિ પડે. પિતાની માંદગીની આ પળોજણમાં પરોવાવાથી નિયમિત દૈનિક ઉપાસના તદ્દન ખોરવાઈ ગઈ હતી. અલબત્ત મનથી સતત ગુરુદેવ ને માતાજીનું સ્મરણ ચાલુ હતું, પણ મનને ખૂબ જ અશાંતિ હતી.

તે દિવસે શનિવાર હતો. મારા પિતાની હાલતમાં કોઈ જ સુધારો જણાતો નહોતો. બપોરના બારેકના સુમારે પૂ. ગુરુદેવ ને માતાજી સમક્ષ ઘૃતદીપ પ્રગટાવી મેં ગાયત્રી મંત્રના માળા ચાલુ કરી. પણ મંત્રોચ્ચારમાં લય ને ભાવ જ ઉદ્ભવતા નહોતા. યંત્રવત્ મેં એક-બે-ત્રણ માળા પૂરી કરી, ને અંદરથી એકદમ જાણે કશોક ઉછાળો આવ્યો, કશુંક ઊગી નાંકળ્યું. માળાના ફરતા મણકા સાથે જપના ઉચ્ચાર જાણે વિલાઈ ગયા કે ગૌણ બની ગયા હતા ને દારયાની ભરતીનાં મોજાંની જેમ પ્રેરણાનાં સ્પંદનો પ્રબળ વેગથી મારા મનોપટ પર અથડાવા લાગ્યાં. 'હોસ્પિટલ જવું જ પડશે, વ્યવસ્થા કર, તૈયારી કર, ઊઠ જા, જલ્દી જા...'

મનોપટ પર ઉદ્ભવતી આ પ્રેરણાને મેં પ્રયત્નપૂર્વક પાછળ હડસેલવાનો ને જપમાં ચિત્ત ચોંટાડવાનો પ્રયત્ન કર્યો, પણ મારી જીભ ને મારો હાથ કોઈકે જાણે પકડી લીધાં હતાં. કોઈક અગોચર શક્તિ મને માળાના જપ કરવાને બદલે આવનાર પરિસ્થિતિનો સામનો કરવાની કેટલાંક પૂર્વતૈયારી કરવા બળજબરીથી ધકેલતી હોય તેમ લાગ્યું. આ બધું મારા મનમાં શું થઈ રહ્યું હતું તેની મને ખબર નહોતી. સામે રાખેલી કાંડા ઘડિયાળ તરફ મેં નજર કરી. ઘડિયાળનો કાંટો સાડા-બારની આગળ વધી રહ્યો હતો. માળા મૂકી ગુરુદેવનાં ચરણોમાં પ્રણામ કરી હું ઊઠી ને મને પ્રાપ્ત થયેલ પ્રેરણા અનુસાર મેં કેટલીક પૂર્વતૈયારીઓ કરી લીધી.



Scanned by CamScanner

સાંજે સાડા સાતેકનો સમય થયો હશે. અમારા ફેમિલી ડૉક્ટર તપાસવા આવ્યા. તેમણે તપાસી પપ્પાને તરત જ હૉસ્પીટલમાં દાખલ કરવાની સૂચના કરી. ડૉ. ની સૂચના સાથે જ મનમાં અનેક વિચારોના વમળો શરૂ થયાં. પણ શરૂ થતાંની સાથે જ, બપોરે માળા કરતી વખતે પૂ. ગુરુદેવે કરેલી પ્રેરણા ને તેને પગલે કરેલી કેટલીક પૂર્વતૈયારીઓ યાદ આવતાં જ, પેલાં વિચારનાં વમળો શમી ગયાં. પૂ. ગુરુદેવનું સ્મરણ જાગ્યું ને મનોમન તેમને વંદન કર્યાં.

પૂ. ગુરુદેવે મને કેટલી સચોટ પ્રેરણા કરી! ને એ પ્રેરણાથી મારું કામ સરળ બનાવી દીધું. તે વખતે મને લાગતું હતું કે તેઓ મારી સાથે જ છે અને મને બળ અને શક્તિ આપી રહ્યા છે.

પપ્પાની હાલત ખૂબ જ કટોકટ હતી. પળેપળે શું થશે તેમ થતું હતું, પણ તે વખતે દુઃખ અનુભવવાને બદલે કે આંસુ સારવાને બદલે પપ્પાને બધી જ પ્રકારની સારવાર બનતી ત્વરાએ કેવી રીતે આપી શકાય ને તબીબોનાં સૂચનોનો ઝડપથી કેવી રીતે અમલ કરાય તેમાં જ ચિત્ત પરોવાયેલું રહેતું. ગમે એટલી દોડાદોડ કરવા છતાં મન ને શરીર થાકવાને બદલે સતત તાજગી, સ્ફૂર્તિ ને શક્તિ અનુભવી રહેતા. એ વડે સામે આવેલી આપત્તિનો હિંમતપૂર્વક સામનો કરી શકી. એમ લાગતું હતું કે પગમાં જાણે ગરગડી મુકાઈ ગઈ છે ને સહેજ ધક્કો મારવાથી ધારેલી દિશામાં સહેલાઈથી સરકી જાય છે, ને ગુરુદેવના એ બળ વડે, સૂક્ષ્મ છતાં સઘન પ્રેરણા વડે, તેમના આશિષ ને જીવનજળથી મારા પિતા સાજાનરવા થઈ ગયા!

□

પૂજ્ય ગુરુદેવના આશીર્વાદ

**M. N. CHAMPANERIA**
B. E. Civil (HONS), A. M. I. E. (INDIA)

**JANAK ENTERPRISE**

1/29, NAVJIVAN CO-OPERATIVE HOUSING SOCIETY,
LAMINGTON ROAD, BOMBAY-400 008



Scanned by CamScanner

# એ સ્વપ્નનો સંકેત શો હતો ?

બેકારી આપણા સમાજનો સૌથી મોટો અને સળગતો સવાલ છે. સારા-ઉચ્ચ હોદ્દાની, સારા પગારવાળી નોકરી મેળવીને આર્થિક સ્થિતિને વધુ સદ્ધર બનાવવાની કોઈ પણ વ્યક્તિની આકાંક્ષા હોય તે સ્વાભાવિક છે. નોકરી ક્યાં લેવી ? કેવી રીતે લેવી ? અમુક-તમુક ક્ષેત્રમાં નોકરી મળે તેવી પોતાની ઇચ્છા સાકાર થાય તે અંગે માર્ગદર્શન અને આશીર્વાદ લેવા સેંકડો ભાઈ-બહેનો પૂ. ગુરુદેવ પાસે આવે છે અને તેઓ તેમના આદેશને અનુસરે તો સફળ થાય છે હું સ્પષ્ટ માનું છું કે માનવીના પ્રારબ્ધ ને પુરુષાર્થનો બેવડો પ્રયાસ ને તેની સફળતાના પરિણામે માનવીને સારી એટલે કે સારા હોદ્દાની-મોભાની સારા પગારની મનોવાંછિત ક્ષેત્રની નોકરી મળે છે.

આપણું પ્રારબ્ધ આપણે જાણતા નથી. એ વિશે આપણે સાવ જ અજાણ છીએ, આપણું એ અજ્ઞાત-અજાણ પ્રારબ્ધ જ્યારે નિર્માણ થાય છે-આપણું નસીબ ઊઘડે છે ત્યારે આપોઆપ આપણને ફળ મળી જાય છે. એ ફળ એવું મળે છે કે આપણે તેની કલ્પના પણ કરી શકતાં નથી. આપણે અવશ-પણે જ એ દિશામાં ખેંચાઈએ છીએ; એથી આપણને ઘણીવાર થાય પણ છે કે આપણે ક્યાં આવી પડ્યાં છીએ ? આપણે તો ક્યાં જવું હતું ?! શું કરવું હતું ને શું થઈ રહ્યું છે તેની આપણને કશી ગતાગમ પડતી નથી અને વળાંક લેતી પરિસ્થિતિને આપણે જોયા કરીએ છીએ. જીવનમાં આવી અનેક ક્ષણો આવે છે. નોકરીની બાબતમાં પણ આવું ઘણીવાર બને છે. આશ્ચર્ય અને આનન્દની વાત તો એ બને છે કે તે આપણને બહુ જ મોટી સદ્ધરતા આપે છે. આપણી બધી જ મૂંઝવણો પળભરમાં ગાયબ થઈ જાય છે અને સફળતા જાણે આપણને તેના ખોળામાં એક બાળકની જેમ રમાડવા લાગે છે.

આ થઈ પ્રારબ્ધની વાત.

હવે રહ્યો પુરુષાર્થ. આપણે પુરુષાર્થ કરવો જ રહ્યો. પણ એ પુરુષાર્થ પણ કઈ રીતે કરવો તે વિશેનું માર્ગદર્શન પણ ગુરુદેવ પાસેથી મેળવતા રહીશું તો સોનામાં સુગન્ધ ભળ્યા જેવું થાય. કારણ કે આપણું પ્રારબ્ધ તેઓ સુપેરે જાણી શકે છે.-જાણે છે. તદનુસાર તેઓ આપણને માર્ગદર્શન આપે છે. પુરુષાર્થની-પ્રયત્નની દિશા પણ તેઓ ચીંધી શકે છે. તેમના દિશાસૂચનથી આર્થિક રીતે ઘણાં ભાઈ-બહેનો સદ્ધરતા પ્રાપ્ત કરી શક્યા છે. પણ એ સાથે માનવીએ નિજી શ્રદ્ધા ને શરણાગતિ અનુસાર આગળ વધવાનું રહે છે જેની સૌથી મોટી આવશ્યકતા છે.

મારા અનેક અને અહીં જે ખાસ સ્વાનુભવનું આલેખન કરી રહી છું તે પરથી મને સમજાયુ છે કે ઉપાસકે સાચે જ ઇષ્ટ આરાધ્ય તત્ત્વ પાસે-માતાજી પાસે કશું જ માગવું નહિ. માંગવું તો કેવળ સમ્પૂર્ણ શ્રદ્ધા, અનન્ય શરણાગતિ, અસીમ સંયમ ને અખૂટ ધીરજ. મા તો અંતર્યામી છે. તે પોતાનાં બાળકોના ભીતરી સંચલનોનો સઘળો ભેદ જાણે છે. એટલે એ અંગે શું કરવું તે એણે નક્કી કરવાનું છે, આપણે નહીં. એ જવાબદારી માતાજીની છે, આપણી નહીં.

ઈ. સ. ૧૯૭૭ માં પૂ. ગુરુદેવ શ્રી શાસ્ત્રીજીના રુબરુ સમ્પર્કમાં આવી ત્યારે જાહેર કાર્યક્ષેત્ર સાથે સંકળાયેલી એક ખાનગી સંસ્થામાં હું પાંચ વર્ષથી નોકરી કરતી હતી. જે વખતે મેં મારી નોકરીમાં

નિમણૂકનો પત્ર લીધો ત્યારે મારો પગાર રૂા. ૧૪૦) નક્કી કરવામાં આવેલો. એના ઔચિત્ય-અનૌચિત્યના કોઈ પણ પ્રકારનો વિચાર કર્યા વિના જે મળ્યું તેમાં આનંદ ને સંતોષ માણ્યો. અને લાખની મૂડીની જેમ હોંશ ઉલટભેર તે સ્વીકારી લીધો. તે વખતે મને એવી કોઈ કલ્પના પણ ન આવી કે હું ગ્રેજ્યુએટ થયેલી છું ને મને આટલો ઓછો પગાર ! મારા દિલમાં તે અંગે તલભાર જેટલો પણ વિચાર જ ન સ્ફુર્યો. મને જે મળે તે લઈ લેતી ને દિલચશ્પીથી મારું કાર્ય કર્યે જતી. થોડાક સમય પછી મને દસ ને વીસ રૂપિયાનો નજીવો વધારો મળતો ગયો પણ મારે મન એ ઘણી મોટી રકમ હતી. મારી સાથેની બહેનપણીઓ તે વેળા રૂ. ૪૦૦-૪૫૦-૫૦૦ કમાતી. ઘરનાં અને બહારનાં સૌ મને કહેતાં કે આટલા નજીવા પગારમાં શું પડી રહે છે? કોઈ સારા પગારની નોકરી શોધતી હોય તો! પણ મારા દિલમાં કદી અસંતોષ ઉદ્દ્ભવતો જ નહિ કે હું બીજી નોકરી પર લક્ષ આપું. અને વધારામાં મને મારી નોકરીની જગ્યાએ વિશેષ આનંદ ને શાંતિ વર્તાતાં હતાં! હું એ શાંતિ અને આનન્દથી દિવસો પસાર કર્યે જતી હતી.

ઈ. સ. ૧૯૭૭માં પૂ. ગુરુદેવને જ્યારે રુબરુમાં મળી ત્યારે માંડ મારો પગાર ૨૦૦ થી ૨૫૦ રૂ. જેટલો હશે. એ સાથે જ મને નોકરીમાં ઘણી કનડગત થતી હતી. પણ મેં ક્યારેય ગુરુદેવને મારી નોકરી કે પગાર અંગેની વાત નથી કરી. મે માગણી પણ નથી કરી. મારી એવી ઇચ્છા તો ઠીક, મને એવી કોઈ કલ્પના પણ નહોતી આવી કે હું ગુરુદેવને કહું કે મારો પગાર-વધારો થાય એવા આશીર્વાદ આપો. ના, મને ક્યારેય એવું સૂઝ્યું નહિ. પૂ. ગુરુદેવના કાર્યક્રમના સ્થળે જવા, ત્યાં જઈ સેવા કરવા, તેમનાં દર્શન કરવા અસ્તિત્વ અધીર થઈ ઊઠતું. ગુરુદેવના સાન્નિધ્યમાં જવાની મારી તો એક જ લગન હતી – આજે પણ છે કે, બસ, ગુરુદેવના સાન્નિધ્યમાં જેટલું બને તેટલું વધારે રહેવું, કાર્ય કરવું તેમ જ માતાજીની કૃપાની અવનવી વાતો સાંભળવાનો અનહદ આનંદ લૂંટવો. ત્યાં કદી ગુરુદેવને પોતાની ફરિયાદો કરવાનું સૂઝ્યું જ નથી. ઉલટું પૂ. ગુરુદેવ પાસે આવનાર દુઃખીઓને માતાજી કેવી સહાય કરે છે, તેઓ પર કેવી કૃપા વરસાવે છે, પૂ. ગુરુદેવના આશીર્વાદ ને માર્ગદર્શન કઈ કઈ ને કેવી કેવી રીતે ગતિશીલ બને છે તે જોવાનો, જાણવાનો, સાંભળવાનો અને અનુભવવાનો વિશેષ આનન્દ આવતો – આજે પણ આવે છે ને એમ મારી શ્રદ્ધા દૃઢ થતી જતી હતી.

જેમ જેમ પૂ. ગુરુદેવના સાન્નિધ્યમાં દિવસો વીત્યે જતા હતા તેમ તેમ મને સ્વપ્નમાં તેમનાં દર્શન થવા લાગ્યાં. ક્યારેક ક્યારેક સ્વપ્નમાં દર્શન આપી, ઈશારો કરી મને તેમની નજીક બોલાવતા, પૈસા આપતા, તે લેવા હું હાથ લંબાવું તે પહેલાં તો સ્વપ્ન પૂરું થઈ જતું. એટલું જ નહીં, ક્યારેક ક્યારેક પૂ. મમ્મી (ગુરુદેવનાં પત્ની) તેમ જ પૂ. બહેન પણ સ્વપ્નમાં આવતાં અને કોઈવાર મને પાંચ-દસની નોટો આપતા, કોઈવાર 'લે, તારે માટે પાકીટ લાવી છું,' કહી પાકીટ આપતા, ને તેમાં પૈસા તો હોય જ, તો વળી કોઈવાર ગુરુદેવ સ્વપ્નમાં દર્શન આપી કહે, 'લે, મારે તને આટલા પૈસા આપવાના છે' કહી અમુક પૈસા આપવા તેઓ તેમનો હાથ લંબાવે ને સ્વપ્ન પૂરું થઈ જાય. ત્યાર બાદ બે-ત્રણ મહિનામાં જ સારો એવો પગારવધારો થતો. અમારે ત્યાં પગારવધારો જાન્યુઆરી માસથી થાય છે એટલે તેના બે-ત્રણ મહિના અગાઉ જ આવું સ્વપ્ન અચૂક આવે જ, આવે. વચ્ચેના સમયગાળામાં ચાર-પાંચ વખત એવો અનુભવ અચૂક ને અવિરત થયો ને આજે મારો કુલ પગાર રૂ. ૧૪૫૨ છે. તે પૂ ગુરુદેવની આત્મિક શક્તિ, પ્રેરણા, આશિષ ને માતાજીની અમીમય કૃપાને જ કેવળ આભારી છે એમ હું સ્પષ્ટપણે માનું છું.



Scanned by CamScanner

વળી, પૂ. ગુરુદેવના સાન્નિધ્યનાં બે-ત્રણ વર્ષ પછી, મને ચોક્કસ સમય અત્યારે યાદ નથી, પણ બન્યું એવું કે, મારી સંસ્થાના યુનિયન તરફથી મને કેટલો પગાર મળે છે તેની તપાસ થઈ અને એ તપાસમાં મને કાયદાકીય રીતે મળવાપાત્ર પગારથી ઘણો ઓછો પગાર મળતો હતો એમ સાબિત થયું. એ અંગે યુનિયન મારફત કોર્ટમાં કેસ પણ ચાલ્યો અને કોર્ટના હુકમથી અને સંસ્થાએ કોર્ટ સાથે સાધેલ સમાધાનથી મને આપેલ ઓછી રકમ સંસ્થાએ ૫૦ ટકા જેટલી ભરપાઈ કરી આપી ને આશરે બે-ત્રણ હજાર જેટલી રકમ મને તે વખતે મળેલી. મને તો બેઝિક-ઇન્ક્રીમેન્ટ વગેરેની કશી જ ખબર નહોતી ને આજે પણ નથી, પણ એ સાથે જ મારા બેઝિક-ઇન્ક્રીમેન્ટ વગેરે પણ ચોક્કસપણે નક્કી થયા !

પૂ. ગુરુદેવે તેમના પુસ્તકમાં કર્મની જે ફિલસૂફી સમજાવી છે, તેમાં એક પ્રશ્ન છે કે માણસે જો પ્રારબ્ધ કર્મ જ ભોગવવાનાં હોય તો પુરુષાર્થનું મહત્ત્વ ક્યાં રહ્યું ? મને એમ લાગે છે કે જે પ્રારબ્ધ કર્મ આપણને સુખદાયી, સંતોષપ્રદ નિવડી રહ્યાં છે તેમાં વૃદ્ધિ કરવા માટે પણ પુરુષાર્થ જરૂરી છે. જે પ્રારબ્ધ કર્મો આપણને દુઃખદાયક નીવડયાં છે તેમાંથી મુક્ત થવા માટે પણ પુરુષાર્થ જરૂરી છે. તેમાં પ્રથમ ગુરુનું માર્ગદર્શન ને આશિષ, ઈષ્ટની-માતાજીની-કૃપા, નિજી શ્રદ્ધા અને શરણાગતિનો ત્રિવેણી યોગ પ્રારબ્ધ અને પુરુષાર્થના ચક્રને વધુ ગતિવાન બનાવી શકે છે એ નિઃશંક છે.

મારા પગારમાં ઉત્તરોત્તર જે વધારો થઈ રહ્યો છે તે પૂ. ગુરુદેવ તેમ જ મા ગાયત્રીની કૃપાનું જ પરિણામ છે.

— એક બહેન

□




મા ગાયત્રીની કૃપા

**શ્રી ગણેશ ટ્રેડર્સ**

'ભગવતી'

★

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫


□


મા ગાયત્રી અને પૂજ્ય શાસ્ત્રીજીના આશિષ અમ સૌ પર વરસતા રહો.

**✻ શ્રી જય અંબે સોપ એન્ડ ટી રીટેઇલ સોપ ✻**

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત-૩

**❁ શ્રી અંબિકા ટેક્ષટાઇલ્સ ❁**

P/૭૬૨, નવી જી. આઈ. ડી. સી., કતારગામ, ફૂલપાડા રોડ, સુરત-૬

# જ્ઞાનગોષ્ઠિ

**પ્રશ્ન :** આપણે વાતવાતમાં કહીએ છીએ કે શ્રદ્ધા અને શરણાગતિથી એક વાર પણ ઈશ્વરનું નામ લઈએ કે એક માળા પણ કરીએ તો પણ પૂરતું છે. તો પછી વિશેષ ઉપાસનાની-વધુ માળા કરવાની આવશ્યકતા નથી રહેતી એ અંગે આપ શું માનો છો?

**ઉત્તર :** સમ્પૂર્ણ શ્રદ્ધા અને શરણાગતિથી પોતાના ઇષ્ટનું-માતાજીનું સ્મરણ કરવું આવશ્યક છે. પણ એકાદ વાર જ એ પ્રમાણે કરવાથી કોઈ ખાસ અર્થ સરતો નથી. અલબત્ત એ ઈશ્વર સુધી પણ પહોંચે તો છે જ. પણ હું એમ માનું છું કે માનવીએ આત્મવિકાસ સાધવાનો છે. આત્માને જાગૃત કરવાનો છે. પોતાની સઘળી વૃત્તિ અને પ્રવૃત્તિઓને પરમાત્મામાં લીન બનાવવાની છે. જીવનમાં ઘણું બધું સારું પ્રાપ્ત કરવાની ઇચ્છા છે. પણ એવું પ્રારબ્ધ પણ હોવું જોઈએ ને? એવા સારા પ્રારબ્ધના નિર્માણ માટે એવો પુરુષાર્થ પણ આવશ્યક છે. એવો પુરુષાર્થ માનવી સત્કાર્ય દ્વારા કરી શકે છે. કારણ કે મનુષ્યજીવન કર્મને આધીન છે. તેણે કરેલાં કર્મો તેણે ભોગવવાં જ પડે છે. એટલે પોતાના જન્મોજન્મનાં અસત્ કર્મો કાપવા માટે અને સત્કર્મની વૃદ્ધિ માટે એકાદ વારનું સ્મરણ નહિ, પણ ચોક્કસ પ્રકારની નિયમિત અને નિરંતર ઉપાસના જરૂરી છે.

આપણે અનેક પ્રકારની આધિ-વ્યાધિ-ઉપાધિથી સંતપ્ત છીએ. એમાંથી આપણે મુક્તિ મેળવવી છે. માનસિક અશાંતિ આપણને ચારેકોરથી વળગેલી છે. એમાંથી આપણે શાંતિ મેળવવી છે. આપણી સુખ-શાંતિ ખાતર આપણા ઇષ્ટના સ્મરણનું સાતત્ય જરૂરી છે. સંતપ્ત ધરતીનાં પડો ભીંજાય ત્યાં સુધી પાણીનો છંટકાવ કર્યા કરવો પડે છે. ધરતીનાં નીચે સુધીનાં પડો ભીંજાય પછી જ વાતાવરણમાં ઠંડક પ્રસરે છે, તે જ પ્રમાણે આપણને અનેક પ્રકારની વેદનાઓ વ્યગ્ર-સંતપ્ત કરી રહી છે. એની શીતળતા માટે ઉપાસનાની નિરંતરતા ને નિયમિતતા અનિવાર્ય ને આવશ્યક છે.

પણ આપણે એટલા માત્રથી જ બેસી રહેવાનું નથી. આપણે આપણા અસ્તિત્વને પવિત્ર, સાત્ત્વિક ને નિર્મળ બનાવવાનું છે. એ માટે સતત આપણે આપણી જાતને તપાસ્યા કરવાની છે. એ તપાસમાંથી આપણને આપણાં અનેક દોષો-ત્રુટિઓ-ખામીઓ જડી આવે છે. એના સુધાર માટે ઉપાસનાનું સાતત્ય જરૂરી છે. ઉપાસનાના સાતત્યથી આપણા જ દોષોમાંથી આપણે કેવી રીતે મુક્ત થવું તે જડી આવશે. ઉપાસનાના સાતત્યથી આપણા અંતરનો અરીસો સ્વચ્છ બને છે ને સ્વચ્છ અરીસામાં પડતું પ્રતિબિંબ યથાતથ-વાસ્તવિક-જેવું હોય તેવું દેખાય છે.

અંતરના વલોવણાની આ પ્રક્રિયા છે.

એથી યે વિશેષ માતાજીનાં દર્શન કરવાની ઘણા ઉપાસકોની તીવ્ર ઇચ્છા છે. આપણે જ્યારે માતાજીનાં દર્શન કરવાની તીવ્ર અભિલાષા ધરાવીએ છીએ ત્યારે પણ ઉપાસનાનું સાતત્ય જરૂરી છે-અનિવાર્ય છે.

જેઓ જ્યાં છે ત્યાં જ રહેવા માગતા હોય તેઓ ભલે પળભરના સ્મરણથી સન્તોષ માને, પણ જેઓને ઉપાસના ક્ષેત્રે પ્રગતિ કરવી છે તેઓને માટે નિયમિત ને નિરંતર ઉપાસના અનિવાર્ય ને આવશ્યક છે.



Scanned by CamScanner

હવે આપણે સૌ નક્કી કરી લઈએ કે તમારે આગળ વધવું છે કે પછી જ્યાંના ત્યાં જ રહેવું છે?

## નિજાનન્દની નિષ્પત્તિ

**પ્રશ્ન :** નિજાનન્દ એટલે શું? તે ક્યારે ને કેવી રીતે નિષ્પન્ન થાય?

**ઉત્તર :** નિજાનન્દ એટલે ઉપાસકનો અંદરનો અંતરનો આનન્દ. સમગ્ર અસ્તિત્વ પરમાનન્દમાં લીન બની જાય છે ત્યારે નિજાનન્દની અવસ્થા કહેવાય છે. અસ્તિત્વની આનન્દમય સમાધિ સ્થિતિને નિજાનન્દ કહેવાય છે. નિજાનન્દ એ કેવળ અનુભૂતિનો વિષય છે.

ઉપાસકની પોતાના આરાધ્ય તત્ત્વમાં સમ્પૂર્ણ શ્રદ્ધા, અનન્ય શરણાગતિ, સમર્પણ ને સ્વાર્પણની ભાવના જાગે છે ત્યારે તે આરાધ્યતત્ત્વના નામ–સ્વરૂપમાં તન્મય બની જાય છે. તેના હૃદયમાં–અંતરમાં–સમસ્ત અસ્તિત્વમાં એને માટેનો પ્રેમ ઊભરાય છે. અંતર અંદરથી એનું જ નામસ્મરણ–જપ કર્યા કરે છે ને પેલા અલૌકિક પ્રેમના વહેણમાં તણાવા લાગે છે. પેલા અલૌકિક તત્ત્વ સાથે–સ્વરૂપ સાથે તેનો માનસિક નાતો જોડાય છે–અનુસન્ધાન થાય છે. પ્રેમનું વહેણ જોર પકડતું જાય છે ને એ વહેણમાં ઉપાસક અવશપણે તણાવા લાગે છે. તણાતાં તણાતાં ભાવવિવશતાથી ઉપાસક એવો સ્તબ્ધ થઈ જાય છે કે તેને આસપાસના વાતાવરણનો કોઈ જ ખ્યાલ નથી રહેતો. અંદરથી સ્મરણ કે જપ સતત ચાલતા રહે છે. પણ એક સમયે એ જપ પણ બંધ થઈ જાય છે ને કેવળ તન્મયતાનો–તદાકારતાનો અનુભવ થાય છે. જે તન્મયતા વ્યક્તિની–ઉપાસકની જાતને–તેના સમસ્ત અસ્તિત્વને આનન્દમાં તરબોળ કરી દે છે. ઉપાસકની નિયમિત ને નિરંતર ઉપાસનામાંથી આ નિજાનન્દ સહજ ભાવે જ જન્મે છે. નિજાનન્દની નિષ્પત્તિ માટે કોઈ પ્રયત્ન કરી શકાય નહિ. નિયમિત ને નિરંતર ઉપાસના તે જ પ્રયત્ન.

## ભગવદ્–નામસ્મરણની અનુભૂતિ

**પ્રશ્ન :** ગાયત્રી–મન્ત્ર કે ભગવદ્–નામસ્મરણમાં અસીમ શક્તિ છુપાયેલી છે તો અમને એનો અનુભવ કેમ નથી થતો?

**ઉત્તર :** ગાયત્રી–મન્ત્ર કે ભગવદ્–નામસ્મરણમાં અમર્યાદિત શક્તિ રહેલી છે તેનો અનુભવ આપણને થવો જ જોઈએ પરન્તુ ક્યારે? આપણામાં એ પાત્રતા કેળવાય ત્યારે. સૂર્યનો પ્રકાશ સમસ્ત સૃષ્ટિને અજવાળે છે. આપણે સૂર્યના પ્રકાશની વચમાં–સામે આવવું પડે છે. આપણે કોઈ અંધારા ઓરડામાં પૂરાઈ રહીશું તો સૂર્યનો પ્રકાશ પ્રાપ્ત થશે ખરો!

એ જ રીતે પરમ તત્ત્વની–માતાજીની સમીપ પહોંચવાનો આપણે પુરુષાર્થ આદરવો પડે છે. આપણે પુરુષાર્થ જ ન કરીએ તો એ શક્તિનો અનુભવ કેવી રીતે થઈ શકે!

પરમાત્મા સર્વત્ર–સર્વ વ્યાપક છે. પણ એને જોવાની આપણે દૃષ્ટિ કેળવવાની છે. આ દૃષ્ટિ-આ પુરુષાર્થ કરવા માટે સંપૂર્ણ શ્રદ્ધા, અનન્ય શરણાગતિ, સમર્પણ, ઉત્કટ પ્રેમ, ઉપાસનાની–સ્મરણની નિયમિતતા–નિરંતરતા દ્વારા, અતૂટ આત્મવિશ્વાસથી પરમતત્ત્વની શક્તિનો અનુભવ અવશ્ય થઈ શકશે એમાં શંકાને સ્થાન નથી.

મંત્રજપ, ભગવદ્–નામસ્મરણ, ભજનમાં ભાવના ભળે તો જ તેમાં પ્રભુની શક્તિનો સંચાર અનુભવી શકાશે. જપ, નામસ્મરણ–ઉપાસના ભાવપૂર્વક કરવામાં આવે તો પરમાત્મા તત્કાળ દોડી



Scanned by CamScanner

આવે છે. આપણે જેટલી ઉત્કટતાથી એને ભજીશું એટલી, બલ્કે એથી યે વધુ ઉત્કટતાથી એ આપણે માટે દોડે છે. ભગવાન ભક્તને આધીન બને છે પણ એ ક્યારે? ભક્ત સમ્પૂર્ણપણે ભગવાનને આધીન બને ત્યારે જ.

ભર સભામાં દ્રૌપદીનાં ચીર ખેંચાયાં ત્યારે અંતરના ઊંડાણમાંથી પોકાર થતાં જ ભગવાન દોડી આવ્યા અને ભક્તની લાજ રાખી. ને એવા તો નરસિંહ, મીરાં, ભક્ત પ્રહ્લાદ–ધ્રુવ વગેરેના અનેક દૃષ્ટાંતો છે. એનું વાચન–સ્મરણ કરવાથી, સત્સંગ કરવાથી આત્મવિશ્વાસ વધે છે જેનાથી પરમ તત્ત્વની શક્તિનો અનુભવ થાય જ છે.

સ્મરણને–જપને અવિરત મનમાં ઘૂંટ્યા કરીશું તો શરણાગતિનો ભાવ આપોઆપ જ ઉદ્ભવશે ને એ શરણાગતિના ભાવથી જ પેલો શક્તિનો પ્રત્યક્ષ કે પરોક્ષ કે અન્ય કોઈ પણ રીતે અનુભવ થાય છે, એને સમજવાની દૃષ્ટિની જ જરૂર છે. બાકી પરમાત્મા સહાય ને શક્તિ બંને આપે છે.

## આમ કેમ થાય છે?

**પ્રશ્ન:** કોઈ માળા ખૂબ જલ્દી પૂરી થઈ જાય છે તો કોઈ માળા કરતાં ઘણી વાર થાય છે એનું કારણ શું?

**ઉત્તર:** સામાય રીતે જપના ઉચ્ચાર બે રીતે થાય છે જેમ કે, વાચિક અને માનસિક. આ રીતે ઉચ્ચારાતા જપનો લય ક્યારે ને કેવી રીતે શરૂ થાય છે ને એમાં લીન થવાય છે તેના પર જપની ઝડપનો આધાર રહે છે. જપ જ્યારે આંતરમનથી–અંદરથી શરૂ થઈને લયબદ્ધ બની જાય છે ત્યારે એ લયબદ્ધ જપ ત્વરાથી થાય છે. આવા લયબદ્ધ જપમાં જીભ કે હોઠ હાલતા નથી અને તેથી મનની એકાગ્રતા ને આનન્દના અનુભવ થાય છે.

ક્યારેક ખૂબ વાર લાગે છે. કારણ કે સૌ પ્રથમ તો જપનું ઉચ્ચારણ કે કેવળ જીભ કે હોઠોથી થાય છે એ કેવળ વાચિક જપ છે. એનાથી ઘણી વાર જપનો લય આવતો નથા તેથી ઘણી વાર લાગે છે.

બીજું કે મન ઘણી વાર શૂન્યમાં સરી પડે છે, એમાં કોઈ પ્રકારનો વિચાર, સ્મરણ કે ભાવ ઉદ્ભવતાં નથી. અંદરથી બધું જ સમ્પૂર્ણ શાન્ત ને સ્થિર થઈ જાય છે ને પછી પાછા યથાવત્ સ્થિતિમાં આવી જવાય છે ને જપ ચાલુ થાય છે. આની વચ્ચેની જે પળો શૂન્યમાં સરી પડે છે તેથી માળા પૂરી થતાં વાર લાગે છે.

ઘણી વાર ઉપાસના કરતાં ઉપાસકને ઇષ્ટની સાથે ઐક્ય–તાદાત્મ્ય કેળવાય છે. ને તે મિલનની ઘડીએ ભૌતિક જગતનો સમય નિર્ગમન થઈ જાય, શારીરિક ક્રિયા સ્થગિત થઈ જાય પરન્તુ આંતર ચેતના ચાલુ જ હોય છે. ને આવે સમયે માળાનો મણકો ફરતો બંધ થઈ જાય છે.

□

---


શ્રી ગાયત્રી માતાજીની કૃપા અને પૂજ્ય ગુરુદેવના આશિષની અભ્યર્થના

**શ્રી અંબિકા સોપ ફેક્ટરી એન્ડ ટી ડીપો**

૪/૧૩૩, હરિપરા પીરછડી રોડ, અંબિકાસદન, સુરત–૩

—: શ્રી અંબિકા કેમીકલ્સ ઇન્ડસ્ટ્રીઝ :—

પી/૭૬૨, નવી જી. આઈ. ડી. સી., કતારગામ, ફુલપાડા રોડ, સુરત–૬


Scanned by CamScanner

# આત્મગુંજન : ૧૨

ડૉ. કાન્તિલાલ કાલાણી

**પરમ તત્ત્વની સમીપ લઈ જતાં સાધનો કયાં?** ક્ષણે ક્ષણની જાગ્રતિ, નામસ્મરણ, મનન, પ્રાર્થના સત્સંગ, સંતસમાગમ, અનુભવી પુરુષોના વાણીનો અભ્યાસ, તત્ત્વ પ્રત્યેની નિષ્ઠા.

**તત્ત્વ સાથે અનુસન્ધાન રહે તે માટે કઈ બાબતની જાગ્રતિ રાખવા જેવી?** સંસારનું કોઈ પણ આકર્ષણ સામે આવે ત્યારે 'મારે જે જોઈએ છે તે આ નથી' એવી સાવધાની રહે તો મન ક્યાંય ચોંટવાનો પ્રશ્ન ન રહે.

**સંસારમાં અમૃતનો અનુભવ કયાં થાય?** અસીમ પ્રેમમાં.

**પ્રેમ ક્યારે શોભી ઊઠે?** એના પર સમયનાં પુષ્પ ખીલ્યાં હોય ત્યારે, લજ્જાની અને સંયમથી અવિરત પ્રેમ જ વ્યાપ્ત બની શકે. જે પ્રેમ સંયમનાં પુષ્પોથી છવાયેલો નથી હોતો તે વિકૃતિમાં પરિણમે એવો સંભવ છે. અસયમિત પ્રેમ અન્યને દઝાડવાની ક્ષમતા ધરાવે છે.

**સંસારરૂપી જાળમાં ફસાવનારું પ્રબળ તત્ત્વ કયું?** લાલચ.

**દુઃખમાંથી બચવાનો ઉત્તમ ઉપાય કયો?** સુખની ઈચ્છાનું વિસર્જન કરી દેવું.

**મનુષ્ય સુખથી કેમ સૂઈ શકતો નથી?** તેના એક ખભા પર ચિંતા અને બીજા પર કાળ અસવાર થઈને બેઠાં છે એટલે.

**મનને કોણ વધુ પીડા આપે છે?** મનના ભ્રમો.

**ભક્તિની મહત્તા કયારે સમજાય?** જગત પ્રત્યે વૈરાગ્ય અથવા વિરક્તિનો ભાવ રહ્યા કરે અને પરમાત્મા પ્રત્યેના અનુરાગમાં વૃદ્ધિ થતી જાય, પુરુષને સ્ત્રી પ્રત્યે અને લોભીને ધન પ્રત્યે જેવો અનુરાગ હોય છે તેવો પરમાત્મા પ્રત્યે અનુરાગ જાગે અને જગત પ્રત્યેની આસક્તિ ટળી જાય એટલે ભક્તિની મહત્તા સમજાવા માંડે, હૃદય દ્રવિત થવા માંડે ત્યારે.

**અનુભવના મૂળમાં શું છે?** વિચાર.

**વિચારનું મહત્ત્વ શું?** વિચાર દ્વારા જ આત્માની પ્રતીતિ થાય છે.

**અન્તઃકરણને આત્માના અનુભવ થયો છે તેનું પ્રમાણ શું?** અન્તઃકરણ આત્માને અનુરૂપ થઈ વર્તે છે, અન્તઃકરણની ઇન્દ્રિયો પરની સત્તા શિથિલ થઈ ગઈ હોય અને તેણે આત્માની શરણાગતિ સ્વીકારી લીધી હોય એ તેનું પ્રમાણ છે.

**મનુષ્યમાં વિશ્વાસનો અભાવ છે એ શી રીતે નક્કી થાય?** વર્તમાન અને ભવિષ્યની ચિંતા રહેતી હોય તેના પરથી.

**આવાગમનનું ચક્ર કયાં સુધી ગતિમાન રહે છે?** રાગ, દ્વેષ, લોભ, મોહ વગેરે મનુષ્યના મનના સ્વામી થઈને બેઠા હોય ત્યાં સુધી.

**મારું-તારું એવો ભાવ કયાં સુધી ટકી રહે છે?** અહંકાર ગોરંભાતો હોય ત્યાં સુધી.

**આપણી સમતાને કોણ ખંડિત કરે છે?** મમતા, પાખંડ, અભિમાન.

**કર્મને કોણ ભસ્મ કરે છે?** જ્ઞાનાગ્નિ અથવા ભગવદ્‌-અનુગ્રહ.

**અસીમ આનંદનું દ્વાર કોણ ખોલી આપે છે?** સાધુ-સંતોની સંગતિ.



Scanned by CamScanner

**ભક્તિમાં બાધારૂપ બનનાર તત્ત્વો કયાં ?** કુસંગ, રાગ-દ્વેષ, આશા-તૃષ્ણા, સ્વાર્થ, વિષયાસક્તિ, સંશય અને તર્ક, અહંકાર, સ્તુતિ-નિંદાની વૃત્તિ, દંભ-કપટ.

**શરણાગતિનાં મુખ્ય અંગો કયાં ?** ભક્તિને અનુકૂળ આચરણનો સંકલ્પ, પ્રતિકૂળ આવરણનો ત્યાગ, ભગવાન રક્ષણ કરશે જ એવો દૃઢ વિશ્વાસ, રક્ષણ માટે ભગવાન પાસે યાચના, અસહાય બની આત્મનિરીક્ષણ કરવું એટલે કે પોતાની દુર્બળતાઓને પ્રગટ કરી ભગવાનનાં ચરણોમાં અર્પિત કરી દેવી, આત્મસમર્પણ, ભગવાનની ઇચ્છામાં પોતાનું સર્વસ્વ સોંપી દેવું.

**સંતસંજ્ઞા કોને આપવામાં આવે છે?** જે નિર્વૈરી છે, નિષ્કામ છે, પ્રભુભક્ત અને વિષયોથી વિરક્ત છે, જે સરલ ચિત્તવાળા, હરિમાં મસ્ત અને પરહિતમાં રત છે, સદ્-અસદ્ વચ્ચે વિવેક કરી જાણે છે, જેણે સત્ સ્વરૂપ પરમ તત્ત્વનો અનુભવ કર્યો છે, અથવા જેણે નિત્ય તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો છે કે અખંડ સત્યમાં જે સ્થિર થયા છે.

**કોના હૃદયમાં ભક્તિનો વાસ થતો નથી ?** જેના હૃદયમાં વાસનાઓ અને વિષયો ભર્યાં હોય.

**ખરો ભક્ત કોને કહેવો ?** વિકટમાં વિકટ પરિસ્થિતિમાં અંદરથી ભાંગી ન પડે, જેના હૃદયમાં ભગવદ્‌ભાવ અતિ દૃઢ હોય, જેણે ભગવાનનું શરણું લીધું હોય અથવા જેનો અહં ઓગળી ગયો હોય, ભગવાનની ઈચ્છામાં પોતાની ઈચ્છાનો લય કરી દીધો હોય અવિનાશી તત્ત્વ સાથેનો જેનો સંબંધ સ્પષ્ટ થઈ ગયો હોય, જેને પોતાનું અને આત્માનું સ્વરૂપ સમજાઈ ગયું હોય, જગતના મિથ્યાત્વનો જેને ખ્યાલ આવી ગયો હોય અને તેને કારણે તે અનાસક્ત બની ગયો હોય, ભગવદ્-ભક્તિ સિવાય અન્ય કશામાં રસ કે રતિ ન હોય.

**સંસારસાગર કોણ તરી જાય છે ?** જે અનાસક્ત છે, જે કોઈ પણ પદાર્થ કે વ્યક્તિ પરત્વે મમત્વ રાખતા નથી, જે સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણેય ગુણોથી પર થઈ જાય છે, કર્મનાં ફળ અને કામ્ય કર્મોનો ત્યાગ કરી દ્વન્દ્વાતીત થઈ જાય છે, સંતોની સેવા કરે છે, કેવળ ભગવદ્-પ્રેમમાં લીન રહે છે, જેનું અન્તઃકરણ નિર્મળ થઈ ગયું છે અથવા જેની ચિત્તશુદ્ધિ થઈ ગઈ છે.

**મનુષ્ય ક્યારે મુક્ત બને છે ?** એની અહંતા અને મમતા છૂટે ત્યારે, અહંતા અને મમતા જતાં કર્તાભાવ ટળી જાય છે અને કર્તાભાવ અને મમત્વ છૂટી ગયા પછી બંધનને અવકાશ રહેતો નથી.

**સદ્‌ગુણોને કોનું પીઠબળ મળે તો શોભી ઊઠે ?** વિવેક, સંકલ્પશક્તિ, આચરણ.

**કયો સંન્યાસ સાર્થક થાય ?** તત્ત્વપ્રાપ્તિ સિવાય અન્ય લક્ષ્ય ન હોય અથવા પૂરેપૂરી ધ્યેયનિષ્ઠા હોય, જે સંન્યાસ જ્ઞાનાગ્નિથી પરિપક્વ થયેલો હોય, જીવન અને જગત વિશેની સમજણ સ્પષ્ટ હોય, રાગ-દ્વેષ છૂટી ગયા હોય.

**ધર્મ કોના જીવનમાં સ્થિરતા ધારણ કરે છે?** જેના જીવનમાં સર્વ પ્રકારની સમતુલા છે, જે વ્યક્તિ મન અને બુદ્ધિની સમતુલા જાળવી શકે છે, જેનાં મન અને બુદ્ધિ સંપીને એક જ લક્ષ્ય ભણી ગતિ કરે છે તે ધર્મને ધારણ કરી શકે છે.

ધર્મમાં માત્ર તત્ત્વ કે સત્યને સમજીને સંતોષ માની લેવાનો નથી, ધર્મમાં સમજીને સ્વીકારવાની, ગ્રહણ કરવાની બાબત પણ આવી જાય છે, બુદ્ધિ સમજી લે અને મન તત્ત્વને સ્વીકારી લે પછી ધર્મ દૃઢ બની શકે.

**વ્યક્તિ વધુ અસ્વસ્થ ક્યારે બને છે ?** મોહ સળવળી ઊઠે છે ત્યારે. અનુભવી પુરુષોએ સર્વ વ્યાધિના મૂળમાં મોહને ગણાવ્યો છે. મોહ ઉત્પન્ન થાય પછી જ કામ, ક્રોધ અને લોભને પ્રવેશ મળે છે.

**કોઈ પણ ક્રિયાની સમતુલા ક્યારે તૂટે ?** ક્રિયા કરતી વેળા મેં કર્યું છે એવો ગર્વ હોય, લોભને વશ બની ક્રિયા થતી હોય.

**દૂષણોને પરાજિત કરવા શું કરવું ?** મન અને બુદ્ધિ વચ્ચે સમજણનો સેતુ નિર્માણ કરવો, બન્ને પરસ્પર સહાયરૂપ થાય તે જોવું, એ બન્નેની એકતા સ્થપાતાં ગમે તેવાં દૂષણોની તાકાત નરમ પડી જાય છે અથવા નષ્ટ પામે છે, અન્તઃકરણને શુભ સંકલ્પોમાંથી ચલિત થવા દેવું નહીં.

**ધર્મનાં ચાર ચરણ કયાં ?** સત્ય, તપ, દયા અને દાન. આમાં સત્ય અને તપનું પાલન વ્યક્તિએ કરવું જોઈએ અને દયા તેમ જ દાનનો લાભ મળવો જોઈએ. આવું વર્તન કરવાથી જ ધર્મની રક્ષા થઈ શકે છે.

**ધર્મનાં સર્વોત્તમ લક્ષણો કયાં ?** સત્ય, શીલ.

**પતનમાંથી બચવાનો ઉપાય શું ?** સત્ય અને શીલ કદી ન છોડવાં.

**સત્ય ક્યારે પરાજિત થાય છે ?** અસત્યનો આશ્રય લેવાય અથવા પ્રલોભનો પાછળ દોડવાનું મન થાય ત્યારે.

**સાધક કોને કહેવાય ?** આત્માના ધર્મને સમજવા જે પુરુષાર્થ કરે, સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ શરીરની સાથે જે ચેતના સંકળાયેલી છે તેને પામવાની દિશામાં જે આગળ વધે, જે ધર્મશીલ, અભ્યાશીલ, તપસ્વી, સત્યવાદી, જિતેન્દ્રિય, રાગ–દ્વેષ–ઈર્ષ્યારહિત, મિતાહારી, વિરક્ત, નિર્ભય, પવિત્ર, સત્ત્વગુણમાં સ્થિર, ઉત્સાહી અને સંતુષ્ટ સ્થિતિમાં રહેવાની સતત મથામણ કરતો હોય, યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ–આ આઠ સાધનોમાંથી એક કે વધારે સાધનોને અપનાવી આંતરયાત્રાએ નીકળી પડે તે. □


પૂ. ગુરુદેવના આશીર્વાદની અભ્યર્થના સહિત

**આરતી ટ્રેડર્સ**

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫



મા ગાયત્રીની કૃપા અને
પૂ. ગુરુદેવના આશિષ હરહંમેશ
વરસતા રહો એવી નમ્ર વિનંતી સહ

**જમનાદાસ નાગરદાસ મોદી**

જનરલ મરચન્ટ

'ભગવતી'

ઉદવાડા – Rs. ૩૯૬૧૮૫ (ડિ. વલસાડ)




# સમાચાર

* તા. ૧૧–૭–'૮૭ શનિવારે ગુરુપૂર્ણિમા છે. પૂજ્યશ્રીના દર્શન અને ગુરુમંત્રનો લાભ પૂજ્યશ્રીના નિવાસસ્થાને મળી શકશે.

* તા. ૧૯–૭–'૮૭ થી તા. ૮–૮–'૮૭ સુધી પૂજ્યશ્રીનો ઈંગ્લેન્ડનો કાર્યયજ્ઞ છે.

* તા. ૧૮-૭–'૮૭ થી તા. ૯–૮–'૮૭ સુધી પૂજ્યશ્રીનો અમદાવાદમાં 'નિલોષા'નો કાર્ય-યજ્ઞ બંધ રહેશે.

* તા. ૯–૮–'૮૭ રવિવારે બળેવ–નાળિયેરી પૂર્ણિમાના દિવસે પૂજ્યશ્રી તેઓના નિવાસ-સ્થાને સવારે ૧૦ થી ૧ વાગ્યા સુધી મળી શકશે.

* તા. ૭–૯–'૮૭ સોમવારે પૂજ્યશ્રીનો જન્મદિવસ છે. સવારે ૯–૦૦ વાગ્યાથી સાંજે ૫–૦૦ વાગ્યા સુધી પૂજ્યશ્રીના નિવાસસ્થાને દર્શનનો લાભ મળી શકશે.

* આસો નવરાત્રિ ૨૪–૯–'૮૭ થી તા. ૧–૧૦–'૮૭ સુધી ૮ દિવસની છે. અનુષ્ઠાન કરવા ઈચ્છતા ઉપાસક ભાઈબહેનોને પૂજ્યશ્રીના આશીર્વાદ.

□


'ગુરુકૃપા હિ કેવલમ્'

મીના ટ્રેડર્સ

"ભગવતી"

*

ઉદવાડા–Rs. ૩૯૬૧૮૫




Scanned by CamScanner



પ્રખર ગાયત્રી-ઉપાસક પૂ. શ્રી શાસ્ત્રીજી

Scanned by CamScanner

# પૂજ્ય ગુરુદેવની મુલાકાત

* આધિ, વ્યાધિ, ઉપાધિથી ત્રસ્ત કોઈપણ વ્યક્તિ, જ્ઞાતિ, જાતિ, સમ્પ્રદાય કે ધર્મનાં બન્ધનો સિવાય વિનામૂલ્યે પૂજ્ય ગુરુદેવની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવી શકે છે. પ્રત્યક્ષ મુલાકાત શક્ય ન બને તો પણ પૂજ્ય ગુરુદેવના આદેશ અનુસાર ગાયત્રી મહામંત્રની ત્રણ માળાને જીવનના અનિવાર્ય દૈનિક કાર્યક્રમમાં વણી લેજો.

મુલાકાત સ્થળ : '**નીલોષા**' બંગલો,
ત્રિમૂર્તિ સોસાયટી, ગવર્નમેન્ટ પાંચ બંગલા પાસે,
ગુલમોર ફ્લેટ્સ પાછળ, ગુલબાઈનો ટેકરો,
અમદાવાદ-૧૫.

**સમય : બપોરના ૧૨-૦૦ થી ૨-૦૦ (૧૦૧ વ્યક્તિને મુલાકાત)**

**શનિ-રવિ તથા જાહેર રજાના દિવસે બંધ.**

* પૂજ્ય ગુરુદેવ આપના પત્રો વાંચે છે, પરન્તુ લેખિત જવાબ પાઠવતા નથી.

* શારીરિક-માનસિક રોગો માટે પૂ. ગુરુદેવ જીવનજળ આપે છે. સ્વચ્છ ખાલી બાટલી સાથે લાવવી, જેથી અભિમંત્રિત જીવનજળ આપી શકાય.

Scanned by CamScanner